RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 315* Date: 12.09.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### અમિતશાહનું ગુરુવારે રાત્રે અચાનક આવવું અને મુખ્યમંત્રીએ શનિવારે રાજીનામું આપવું મોટું રાજકારણ

# મુખ્યમંત્રી વિજય રૂપાણીનું રાજીનામું : ગુજરાતના રાજકારણમાં ભુકંપ

ગાંધીનગર,તા.૧૧

આજે એકાએક વિજય રૂપાણી ગુજરાત સરકારના ટોચના અન્ય મંત્રી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, સંસદીય મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે રાષ્ટ્રીય ભાજપ રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષ રાજભવન પહોંચ્યા હતા અને આચાર્ય દેવવ્રતને રાજીનામું આપ્યું છે. ગુજરાતના રાજકરણમાં એકાએક નવા જુનીના એંધાણ છે. મુખ્યમંત્રી પદેથી વિજય રૂપાણીએ એકાએક રાજીનામું આપ્યું છે. રૂપાણીએ રાજભવન ખાતે મીડિયાને સંબોધન કરતા કહ્યું કે હું ભાજપ ટોચના મોવળી મંડળનો આ જવાબદારી બદલ આભાર વ્યક્ત કરૂં છું. મેં મુખ્યમંત્રી તરીકે તમામ દાયિત્વ નિભાવ્યા છે. મારા કાર્યકાળમાં ગુજરાતને વિકાસના નવા પંથે આગળ વધાર્યું હતુ. પૂર્વ મુખ્યમંત્રીએ રૂપાણીએ કહ્યું કે આ રાજીનામું મારી રાજીખુશીથી આપ્યું છે. મારી પાસે આ રાજીનામું માંગવામાં નથી આવ્યું. મારા અને સંગઠન વચ્ચે કોઈ ટકરાવ નથી. હું ભાજપનો જ માણસ છું અને કાર્યકર્તા તરીકે આગળ કામ વધારીશ. રૂપાણીએ પ્રેસ વાર્તા દરમિયાન ટકોર કરતા કહ્યું કે ગુજરાતમાં સરકાર રૂપાણી કે કોઈ અન્ય નથી ચલાવતું. દરેક ચૂંટણી અને કાર્ય નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ જ લડાઈ છે. સરકાર રૂપાણી કે કોઈ અન્યની નથી મોદીના નેતૃત્વ હેઠળ જ બધું ચાલી રહ્યું છે. દેશ તો મોદીનો જ છે, તેમ રૂપાણીએ ઉમેર્યું હતુ. જોકે એકાએક રાજીનામાનું કારણ આપવાનું રૂપાણી સહિતના ટોચના નેતાઓ ટાળ્યું હતુ. કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે હું સીએમ પદનો દાવેદાર નથી. ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે આ નિર્ણય વિચારવિમર્શથી લેવામાં આવ્યો છે. કેન્દ્રિય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ કહ્યું કે આગામી રણનીતિ એકાદ દિવસમાં નક્કી થશે. આવતીકાલ સાંજ સુધી સ્થિતિ સ્પષ્ટ થશે. આજે મોડી સાંજે કે કાલે સવારે ધારાસભ્યોની બેઠક બોલાવીને નવા મુખ્યમંત્રી અંગે ચર્ચા કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગુરુવારે રાતે લગભગ ૮ વાગે એકાએક અમદાવાદ આવી પહોંચ્યા હતા, રાતે તેઓ પારિવારિક કામ અર્થે તેમના બહેન ના ત્યાં ગયા હતા, ત્યારબાદ આજે સવારે રવાના થઈ ગયા હતા, સામાન્ય રીતે પરિવાર ના કામ માટે અમિત શાહ થોડા સમય માટે પણ અમદાવાદ વારંવાર આવતા હોય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું અમદાવાદ એરપોર્ટ પર રાજ્ય ગૃહપ્રધાન પ્રદીપસિંહ જાડેજા, મેયર કિરીટ પરમાર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટે સ્વાગત કર્યું હતું.તેમના સ્વાગત માટે શહેર ભાજપના નેતાઓ પણ હાજર રહ્યા હતા.ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બી એલ સંતોષ ગુજરાત આવ્યા બાદ રાજ્યમાં ભાજપની હલચલ તેજ થયેલી જોવા મળી હતી. કમલમ ખાતે બંધબારણે રાષ્ટ્રીય નેતાઓ સાથે ગુજરાત ભાજપ પ્રમુખ સી આર પાટીલની બેઠક ચાલી રહી છે. જ્યારે બેઠકમાં અન્ય ચાર મહામંત્રી પણ બેઠકમાં હાજર રહ્યા છે. બેઠકમાં ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ હાજર છે.સંવત્સરીના બીજા જ દિવસે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજીનામું આપીને સહુ કોઈને ચોંકાવી દીધા છે. આનાપગલે ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી વહેલી યોજાય તેવી પણ અટકળો ચાલી રહી છે. આજે રૂપાણી સાથે ભાજપના પ્રદેશ તથા રાષ્ટ્રીય સ્તરના નેતાઓ પહોંચ્યા હતા અને કમલમ ખાતે બેઠકોનો દોર શરૂ કર્યો છે.



જ્યારે અમદાવાદમાં વૈષ્ણોવદેવી સર્કલ સ્થિત સરદારભવનના લોકાર્પણ બાદ રૂપાણી સીધા રાજભવન પહોંચ્યા છે. રૂપાણી ત્યાંથી મીડિયાને બ્રીફિંગ કરીને રાજીનામું આપવાની ઘોષણા કરી છે. દરમિયાન કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાએ કહ્યું હતું કે, ૨૪ કલાકમાં ચિત્ર સ્પષ્ટ થશે.

# અમેરિકામાં ફરી કોરોનાએ માથું ઉચક્યું

વોશિંગ્ટન , તા.૧૧

અમેરિકામાં કોરોનાની સ્થિતિ વકરતાં પ્રમુખ બાઈડેને કોરોના સામેની લડાઈમાં બાકીના અમરિકનોને પણ રસી લગાવવાનું અભિયાન શરૂ કર્યું છે. તેમણે કહ્યું કે કેન્દ્રીય કર્મચારીઓ માટે રસી લેવાનું ફરજિયાત કરાયું છે. વધુમાં ૧૦૦થી વધુ કર્મચારીઓ ધરાવતી કંપનીઓના કર્મચારીઓ માટે પણ રસી લેવાનું ફરજિયાત કરાયું છે. કર્મચારીઓને રસી લેવા માટે ૭૫ દિવસનો સમય અપાયો છે. આ સમયમાં તેઓ રસી નહીં લે તો તેમણે નોકરી ગુમાવવી પડી શકે છે. અન્યથા દર સપ્તાહે તેમની કોરોના તપાસ થશે. વિમાનમાં પ્રવાસ દરમિયાન યોગ્ય રીતે માસ્ક નહીં પહેરનારા પર દંડ બમણો કરી દેવાયો છે. વર્તમાન દંડ ૨૫૦થી ૧૫૦૦ ડોલરનો છે, જે વધારીને ૩,૦૦૦ ડોલર સુધીનો કરાયો છે. ખાનગી કંપનીના કર્મચારીઓ માટે પણ રસી ફરજિયાત કરાઈ છે. રસી નહીં લેનારા કર્મચારીઓને ૧૪,૦૦૦ ડોલરનો દંડ કરવાની જોગવાઈ કરાઈ છે.અમેરિકામાં અમેરિકન પ્રમુખ જો બાઈડેને જુલાઈમાં વ્હાઈટ હાઉસમાં સમારંભ યોજી કોરોનાથી આઝાદીનો ઉત્સવ ઉજવ્યો હતો અને ઑગસ્ટ સુધીમાં દેશને કોરોનાથી મુક્તિ મળી જશે તેવી આશા વ્યક્ત કરી હતી, પરંતુ અમેરિકાની આ આશા ઠગારી નીવડી છે.

અમેરિકામાં કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટે માથું ઊંચકતા કેટલાક દિવસથી દૈનિક સરેરાશ દોઢ લાખથી વધુ કેસ આવી રહ્યા છે અને અંદાજે ૧,૫૦૦ લોકો મોતને ભેટી રહ્યા છે. એવામાં અમેરિકા ફરી પાછું કોરોનાની ભયાનક સ્થિતિમાં પહોંચી ગયું છે. વધુમાં અમેરિકામાં સ્કૂલો ખૂલતાં જ છેલ્લા સાત દિવસમાં ૨.૫૦ લાખથી વધુ બાળકો કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. અમેરિકામાં કેટલીક જગ્યાઓ પર કોરોનાથી થતાં મોતના આંકડા આખી મહામારી દરમિયાન હાલમાં સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે. કોરોનાના કેસ ઘટતાં એક સમયે શરૂ થયેલી સ્કૂલો ફરી બંધ થવા લાગી છે. માસ્ક અને રસીની જરૂરિયાતો અંગે કાયદાકીય લડાઈ અને હિંસા શરૂ થઈ ગઈ છે. એક સમયે કોરોનાના કેસ ઘટતાં નિયંત્રણોમાં ભારે છૂટછાટ આપનારા બાઈડેન તંત્રે નવા નિયંત્રણોની જાહેરાત કરવી પડી છે, જેમાં રસીકરણ અને માસ્કને ફરજિયાત બનાવવાનો સમાવેશ થાય છે.

અમેરિકામાં કોરોનાના નવા ૧.૬૦ લાખથી વધુ કેસ આવ્યા હતા અને વધુ ૨,૦૦૦ જેટલા લોકોનાં મોત નીપજ્યાં હતા. આ સાથે અમેરિકામાં કોરોનાના કુલ કેસ ૪.૧૫ કરોડને પાર થઈ ગયા છે અને એક્ટિવ કેસની સંખ્યા પણ વધીને ૯૧.૪૧ લાખને પાર થઈ ગઈ છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુઆંક ૬.૭૪ લાખથી વધુ થયો છે. એક અંદાજ મુજબ ૧લી ડિસેમ્બર સુધીમાં અમેરિકામાં મૃત્યુઆંક ૭.૫ લાખથી વધુ થઈ શકે છે. જુલાઈમાં પ્રમુખ જો બાઈડેને વ્હાઈટ હાઉસમાં સમારંભ યોજી કોરોનાથી મુક્તિનો ઉત્સવ ઊજવ્યો હતો, પરંતુ થોડાક જ સમયમાં કોરોનાના ડેલ્ટા વેરિઅન્ટે દેશને ફરીથી કોરોનાના અજગર ભરડામાં ધકેલી દીધો. આખા જૂન મહિનામાં કોરોનાના અંદાજે ચાર લાખ કેસ સામે આવ્યા હતા જ્યારે ઑગસ્ટમાં આ આંકડો ૪૨ લાખને પાર પહોંચી ગયો. આ સમય દરમિયાન ૨૬,૮૦૦ લોકોનાં મોત થઈ ગયા હતા. ડેલ્ટા વેરિઅન્ટથી પહેલાની સરખામણીમાં નાની વયના લોકોના મોતનું પ્રમાણ વધ્યું છે.

## મહાન કવિ સુબ્રમણ્યમ ભારતીને શ્રદ્ધાંજલિ આપતા પીએમ મોદી

નવી દિલ્હી , તા.૧૧

વડાપ્રધાને ટ્વીટમાં લખ્યું હતું કે, મહાન કવિ સુબ્રમણ્યમ ભારતીને શ્રદ્ધાંજલિ. અમે તેમની સમૃદ્ધ વિદ્વતા, આપણા રાષ્ટ્ર માટે ઉલ્લેખનીય યોગદાન, સામાજીક ન્યાય અને મહિલા સશક્તિકરણ પર મહાન આદર્શોને યાદ કરીએ છીએ. આ ઉપરાંત વડાપ્રધાને ટ્વીટર પર એક વીડિયો પણ શેર કર્યો હતો જેમાં ડિસેમ્બર ૨૦૨૦માં વડાપ્રધાન મોદીએ મહાન કવિ સુબ્રમણ્યમ ભારતી પર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. ૨૦૧૮ના વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમિલ કવિ સુબ્રમણ્યમ ભારતીની એક તમિલ કવિતા પણ સંભળાવી હતી. વડાપ્રધાને તેમની કવિતા 'એલારૂમ એલિનેલૈઈ એડુમનલ એરિએઈ' સંભળાવી હતી. તેનો અર્થ થાય છે કે, ભારત વિશ્વના પ્રત્યેક બંધનમાંથી મુક્તિ મેળવવાનો રસ્તો દેખાડશે. તમિલનાડુના મહાન કવિ સુબ્રમણ્યમ ભારતીની ૧૦૦મી પુણ્યતિથિ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી.

# અફઘાન જનતા સાથે તો અમારા ઐતિહાસિક સંબંધો છે : વિદેશમંત્રી એસ.જયશંકર

નવી દિલ્હી , તા.૧૧

ભારત છેલ્લાં ૨૦ વર્ષથી અફઘાનિસ્તાનમાં રોકાણ કરી રહ્યું છે. ભારતના ઈજનેરો તેમની નવરચનામાં પ્રદાન આપી રહ્યા છે તે ત્યાંની જનતા જાણે જ છે. ભારતે ત્યાંનું નવું સંસદ ભવન બનાવી આપ્યું છે, કેટલીએ હોસ્પિટલોનું પુનર્નિમાણ કરી આપ્યું છે. કેટલીએ સ્કૂલોમાં રીપેર વર્ક પણ હાથ ધર્યું છે.

'સલમા-ડેમ-વિદ્યુત ઉત્પાદન' પ્રોજેક્ટ પણ પૂરો કર્યો છે. ૨૧૮ કી.મી.નો જરંજ-ડેલારામ ધોરી માર્ગ ભારતે બનાવી આપ્યો છે. ટ્રાન્સમિશન લાઈન્સ, ઉપરાંત પબ્લિક ટ્રાન્સપોર્ટ એરલાઈન્સ માટે સહાય કરી છે. બેંકો સ્થાપી છે.

આ ૨૦ વર્ષમાં કેટલાયે ભારતીય રાજકારણીઓ, ડોક્ટર્સ, અને એન્જીનીયર્સ તથા સુરક્ષા કર્મીઓ માર્યા ગયા છે. આ બધું અફઘાન પ્રજા જાણે જ છે. આનો ઉલ્લેખ કરતાં જયશંકરે કહ્યું હતું કે તે ભારતનું રોકાણ માત્ર નથી એક સંબંધ છે. જે બન્નેને બાંધી રાખે છે. તે દ્રષ્ટિએ દેશ સાથેની આપણી નીતિ ઘડવામાં આવી રહી છે.અત્યારે તો તાલિબાનોના કબ્જા નીચે રહેલા અફઘાનિસ્તાન ઉપર પાકિસ્તાન અને ચીન હાવી બની રહ્યાં છે અને ભારત જાણે છે કે તે દેશથી દૂર ફેંકાઈ ગયું હોય તેમ લાગે છે. પરંતુ હકીકત તદ્દ્ન તેવી નથી. અફઘાનિસ્તાન અંગેની ભારતની નીતિ અંગે, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ખુલ્લા મને જણાવ્યું છે કે, અફઘાન જનતા સાથે તો અમારા ઐતિહાસિક સંબંધો છે. તે સંબંધો ચાલુ જ રહેશે અને તે દ્રષ્ટિકોણ જ અમારા અફઘાનિસ્તાન સાથેના સંબંધોનો માર્ગદર્શક બની રહેશે.

રાજ્ય શાસ્ત્રના તજજ્ઞો આ વિધાનોનાં બહુવિધ્ અર્થઘટનો કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટી.એસ. તિરૂમૂર્તિએ સલામતી-સમીતીની બેઠકમાં ચાલતી અફઘાનિસ્તાન અંગેની ચર્ચામાં કહ્યું હતું કે, ''અફઘાનિસ્તાનની જનતા તેમજ તેના નજીકના પાડોશીઓ અંગે અમે સચિંત છીએ.'' તે બહુ સ્પષ્ટ છે કે, ભારત અફઘાન જનસામાન્ય અને તાલિબાન બંનેને અલગ અલગ જ જુવે છે. વળી વિશ્વ સમસ્ત જાણે છે કે તાલિબાનોએ બંદૂકનાં જોરે જ ત્યાં સત્તા મેળવી છે તે પણ સત્ય છે કે, તાલિબાનો કે અફઘાન જનસામાન્યનું પ્રતિનિધિત્વ નથી કરતા. તેઓ પશ્તુનોની પણ દરકાર નથી કરતા. પછી ભલે પશ્તુનો અફઘાનિસ્તાનના અન્ય સમુદાયો કરતાં બહુમતિમાં હોય. તે સર્વ વિદિત છે કે પૂર્વ પ્રમુખ હમીદ કરઝાઈ અને પૂર્વ ઉપપ્રમુખ અશરફ ગની જેવા નેતાઓ પશ્તૂન સમુદાયમાંથી જ આવ્યા છે.

# પેટ્રોલ ડીઝલ બાદ સીએનજી અને પીએનજીમાં ભાવ વધારો થવાની શક્યતા

નવી દિલ્હી ,તા.૧૧

એપ્રિલ ૨૦૨૨માં સીએનજી અને પાઈપ્ડ નેચરલ ગેસના ભાવમાં ૨૨-૨૩ ટકા અને ઓક્ટોબર ૨૦૨૨માં ૧૧-૧૨ ટકાનો વધારો થશે. ગેસની કિંમતો નાણાકીય વર્ષ ૨૦૨૨ના પહેલા છ મહિનામાં ૧.૭૯ ડોલર પ્રતિ નાણાકીય વર્ષ ૨૦૨૩ના બીજા છ મહીનામાં ૭.૬૫ ડોલર પ્રતિ સુધી વધવાનો અર્થ એ થશે કે MGL અનu IGLએ ઓક્ટોબર ૨૦૨૧થી ૨૦૨૨ દરમિયાન ૪૯થી ૫૦ ટકા સુધી કિંમતમાં વધારો કરવો પડશે.

ગેસના ભાવમાં વધારો ઓએનજીસી અને ઓઈલ ઈન્ડિયા લિમિટેડ તેમજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ જેવી ખાનગી કંપનીઓના માર્જિનને વધારવામાં મદદ કરશે.આવતા મહિને સામાન્ય માણસને વધુ એક મોંઘવારીનો માર પડવાનો છે. દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં આગામી મહિને સીએનજી અને પાઈપડ રાંધણ ગેસના ભાવમાં ૧૦-૧૧ ટકાનો વધારો થઈ શકે છે. આઈસીઆઈ સિક્યોરિટીઝે એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે સરકાર ઓક્ટોબરમાં ગેસની કિંમતમાં લગભગ ૭૬ ટકાનો વધારો કરી શકે છે.

ગેસના ભાવમાં વધારો થવાને કારણે ગાડી ચલાવવી અને રસોઈ મોંઘી થશે. તમને જણાવી દઈએ કે નવી ડોમેસ્ટીક ગેસ પોલીસી ૨૦૧૪ હેઠળ દર છ મહિને કુદરતી ગેસના ભાવ નક્કી કરવામાં આવે છે. આ ફોર્મ્યુલા વિદેશી કિંમતો પર આધારિત છે. આગામી સમીક્ષા ૧ ઓક્ટોબરે થશે. ઓક્ટોબર બાદ ગેસના ભાવ એપ્રિલ ૨૦૨૨માં નક્કી થશે. બ્રોકરેજે કહ્યું કે છઁસ અથવા એડમિનિસ્ટ્રેટેડ રેટ તરીકે ઓળખાતી કિંમત ૧ ઓક્ટોબર ૨૦૨૧થી ૩૧ માર્ચ, ૨૦૨૨ ના સમયગાળા માટે ૩.૧૫ અમેરિકી ડોલર પ્રતિ મિલિયન બ્રિટિશ થર્મલ યુનિટ ાઈ જશે, જે હાલમાં ૧.૭૯ ડોલર છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના જેવા ઉંડા પાણીના ક્ષેત્રોમાંથી ગેસનો દર આગામી મહિને વધીને ૭.૪ ડોલર પ્રતિ એમએમબીટીયુ થશે.

## ચંદ્ર પર પાણી અને મેંગેનિજના પૂરાવા મળ્યા : ઈસરો ચેરમેન

બેંગ્લોર , તા.૧૧

ઈસરોના ચેરમેન દ્વારા રજૂ કરાયેલી માહિતી અનુસાર ચંદ્રાસ એટમોસ્ફેરિક કોમ્પોઝીશનલ એક્સપ્લોરરે ચંદ્રના સૌથી ઉપરના અને મધ્યમાં આવેલા અક્ષાંશની ાસપાસના વિસ્તારમાં આર્ગન વાયુને શોધી કાઢ્યો હતો અને તેનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કર્યો હતો. તેના આ અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે ચંદ્રના સૌથી ઉંચા અને મધ્યમાં આવેલાં અક્ષાંશના વિસ્તારોમાં રેડિયો એક્ટિવ પ્રવૃત્તિઓ થઇ રહી છે. તે ઉપરાંત લાર્જ એરિયા સોફ્ટ એક્સ-રે સ્પેક્ટોમિટરની મદદથી ચંદ્રની સપાટી ઉપર ક્રોમિયમ અને મેંગેનિઝ ધાતુ હોવાનું જાણી શકાયું હતું.

**ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ**
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે,એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૬

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૫૭૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૩૫૬

## તંત્રી સ્થાનેથી...

# ગુજરાતના નવા સીએમ કોણ હોઈ શકે....

*વિજય રૂપાણી રાજીનામું આપવા ગાંધીનગર રાજભવન ગયા અને તેમણે રાજીનામાંની જાહેરાત કરી ત્યારે માંડવિયા ઉપરાંત રુપાલા પણ તેમની સાથે હાજર હતા. જો કે રૂપાલા પણ મજબુત ચહેરો છે. સૌરાષ્ટ્રમાં તેની સ્વિકાર્યતા ખુબ જ વધારે છે. ગત્ત વિધાનસભા ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં ભાજપને ખુબ જ મોટુ નુકસાન થયું હતું. આ ગાબડુ પુરવા માટે રૂપાલા સંજીવની જડીબુટ્ટી સમાન કામ કરી શકે છે. તો બીજીતરફ ગુજરાત ભાજપ સંગઠનમાં પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફિયાનું કદ સતત વધી રહ્યું છે અને તેને જોતાં પાટીદાર સમાજમાંથી રુપાલા અથવા ઝડફિયામાંથી કોઈ એકને પણ મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે. જો કે માંડવીયાની સામે આ તમામ ફેક્ટર વામણા સાબિત થાય છે. પરંતુ ભાજપની ફિતરત પણ ચોંકાવનારા નિર્ણયો લેવાની રહી છે તેથી જ્યાં સુધી જાહેરાત થાય ત્યાં સુધી તો માત્ર અટકળો જ ચાલશે.ગુજરાતના મુખ્યમંત્રીપદેથી વિજય રૂપાણીએ અચાનક આપી દીધેલા રાજીનામાં બાદ ગુજરાતના રાજકારણમાં ભારે ઉથલ પાથલ જોવા મળી રહી છે. હવે શું થશે અને ગુજરાતનો નાથ કોણ બનશે તે મુદ્દો હાલ સમગ્ર ગુજરાતમાં સૌથી વધારે ચર્ચાનો મુદ્દો છે. જો કે કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ પાટીદાર નેતા પરસોતમ રૂપાલાએ સ્પષ્ટતાથી જણાવ્યું કે, આવતીકાલ સવાર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે. સરદારધામમાં થયેલા કાર્યક્રમ બાદ જે રીતે ઘટનાઓ બની તેને જોતાં પાટીદારોના હાથમાં ફરી એકવાર ગુજરાતની કમાન સોંપાય તે લગભગ નક્કી છે. સુત્રો અનુસાર કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા ગુજરાતના આગામી મુખ્યમંત્રી બને તેવી મહત્તમ શક્યતાઓ છે. ઉપરાંત પૂર્વ ગૃહરાજ્યમંત્રી ગોરધન ઝડફિયા અને પરસોત્તમ રૂપાલાના નામોની પણ ચર્ચા ચાલી રહી છે. જો કે સૌથી વધારે ચર્ચા મનસુખ માંડવિયાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે જ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા અમદાવાદમાં સરદારધામ ભવનનું ઉદઘાટન કર્યું હતું. આ સાથે જ વડાપ્રધાન મોદીએ સરદારધામ ફેઝ -૨ ગર્લ્સ હોસ્ટેલનું ભૂમિપૂજન પણ કર્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને સંબોધન કરતાં કહ્યું હતું કે, કોઈપણ શુભ કાર્ય પહેલાં આપણે ત્યાં ગણેશ પૂજાની પરંપરા છે. સદભાગ્યે ગણેશ ઉત્સવના પવિત્ર તહેવારના અવસરે સરદારધામ ભવનનું ઉદઘાટન પણ થયું છે. તદુપરાંત પાટીદાર સમુદાયે વેપારક્ષેત્રે દેશને હંમેશાં નવી ઓળખ આપી છે. ગુજરાતના વિકાસમાં આ સમુદાયનો સિંહફાળો છે. આ કાર્યક્રમમાં ઝર પણ હાજર હતા. ત્યાર બાદ તેઓ સીધા જ રાજભવન ગયા અને રાજીનામું આપ્યું હતું. ગુજરાતના પ્રદેશ પ્રમુખનો હોદ્દો સંભાળ્યો ત્યારથી સી આર પાટીલ આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૧૫૦ સીટ જીતાડવાના ટાર્ગેટની જાહેરાત કરતા રહ્યા છે. આઁ ર મોદીનું પણ સ્વપ્ન છે. આ સ્વપ્નને સાકાર કરવા ભાજપને આગામી ચૂંટણીમાં પાટીદાર સમાજના ટેકા વગર કોઇ પણ રીતે શક્ય નથી. જો કે હાલ પાટીદાર સમાજ ભાજપથી નારાજ છે, જેના સંકેત કોર્પોરેશન ચૂંટણી દરમિયાન સુરતમાં મળ્યો હતો. ભાજપે જૈન સમાજના રૂપાણીને હટાવીને પાટીદારને જ ગુજરાત સરકારના નવા સુકાની બનાવવાનો નિર્ણય લીધો હોવાનું મનાય છે. મનસુખ માંડવિયા સ્વિકૃત પાટીદાર નેતા છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રણનીતિકાર અમિત શાહ બંન્નેની ગુડબુકમાં છે. કોરોના મહામારી દરમિયાન ગુજરાત ભાજપમાં સરકારની છબિ બગડે નહી તે માટે માંડવીયાએ દિવસરાત એક કર્યા હતા. જો કે કોરોના કાળ દરમિયાન ગુજરાત સરકાર ખુબ જ વામણી સાબિત થઇ હતી. તેના કારણે ભાજપની છબી પણ ખરડાઇ હતી. આ ઉપરાંત પાટીદાર સમાજના કડવા અને લેઉઆ બંન્ને ફાટાઓમાં માંડવીયાની મજબુત પકડ છે. સ્વભાવે સરળ હોવાની સાથે સાથે તેઓ પ્રમાણીક નેતાની છબી ધરાવે છે. જેના કારણે પાટીદાર સિવાય અન્ય વર્ગોમાં પણ સ્વિકાર્યતા ધરાવે છે.*

## લોકોને આત્મહત્યા કરતા અટકાવવા માટે જીવન આસ્થા હેલ્પલાઈન શરૂ

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગરના સેક્ટર ૨૩ નાથીબા કોલેજમા પોલીસ અધિકારીઓની હાજરીમા વિદ્યાર્થીઓને આત્મહત્યા નિવારવા મુદ્દે કાર્યક્રમ યોજયો હતો. જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ કહ્યુ હતુ કે, કોરોનાકાળમા જીવન આસ્થા હેલ્પ લાઇનમા રોજના ૮૦થી ૯૦ હજાર કોલ આવી રહ્યા છે. જયારે તેના પહેલા કોલની સંખ્યા ખૂબ જ ઓછી હતી. જયારે મનોચિકિત્સક ગૌરાંગ થાનકીએ કહ્યુ હતુ કે, સફળતા હોય ત્યારે લોકોની સ્થિતિ જુદી હોય છે, પરંતુ જયારે તેજ વ્યક્તિને નિષ્ફળતા મળે છે ત્યારે તે હતાશ થઇ જાય છે. તેવા સમયે માનવીએ નિષ્ફળતાનુ મેનેજમેન્ટ કરવુ જોઇએ. આનંદી વ્યક્તિનો એકા એક સ્વભાવ બદલાય તેવા સમયે આસપાસના લોકોને તેની નોંધ લેવી જોઇએ અને તેની સાથે વાતચિત કરી તેની સ્થિતિ જાણવાનો પ્રયાસ કરવો જોઇએ.

જીવન આસ્થા હેલ્પ લાઇનને હત્યાર સુધી ૮૦ હજાર કોલ મળ્યા છે. જેમા ૯૦૦ કોલ આત્મહત્યાના આવ્યા છે. હાલના સમયમા સૌથી વધારે અવરોધ મોબાઇલનો છે. વિદ્યાર્થીઓથી લઇને મોટેરાઓને મોબાઇલનુ વળગણ લાગ્યુ છે. પરંતુ અંગુઠો અડાડવાથી કારકિર્દી બનવાની નથી, પરંતુ તેનાથી દુર રહેવાથી કારકિર્દી બનશે. જિલ્લા પોલીસ વડાની કચેરીમાં આત્મહત્યા કરતા લોકોને અટકાવવા માટે જીવન આસ્થા હેલ્પલાઇન શરૂ કરાયેલી છે. અત્યાર સુધી ૮૦ હજાર લોકોએ આત્મહત્યાનો વિચાર આવ્યા બાદ ફોન કર્યો છે. ત્યારે આજથી ૭મા વર્ષમા પ્રવેશ કરતી હેલ્પલાઇનના કાર્યક્રમ પ્રસંગે કાઉન્સિલરોએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યુ હતુ કે, દેશની અનેક સેલીબ્રિટીઓનો અભ્યાસ ઓછો છે, અનેકવાર તેઓ નિષ્ફળ રહ્યા છે, પરંતુ તેમને હિંમત હારી નથી. તમે અભ્યાસમાં નિષ્ફળ જાઓ તો હિંમત હારશો નહિ, જીવનમા અનેક તકો આવે છે, જે યોગ્ય સમયે ઝડપી લેતા સફળતા મળે છે. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫મા જીવન આસ્થા હેલ્પ લાઇનનો શુભારંભ કરાયો હતો. જેને આજે ૬ વર્ષ પુરા થતા ૭મા વર્ષમાં પ્રવેશ કર્યો હતો. સમગ્ર દુનિયામા ૧૦મી સપ્ટેમ્બરના રોજ વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ પણ મનાવાય છે.



દર વષે ની માફક ચાલુ વર્ષે પણ ઈન્દ્ર પ્રસ્થ ૫ પ્રહલાદ નગર વિસ્તારમાં સાવૅ જનિક ગણેશ ઉત્સવ મનાવવા સોસાયટીમાં ગણપતિ બાપ્પા મોરિયા ના નાદ સાથે ફૈરવવામા આવેલ ત્યારબાદ નિજ સ્થાન ઉપર સ્થાપના કરી સવાર સાંજ પૂજા અચૅના આરતી અને થાળ પ્રસાદ વહેંચવામાં આવે છે

## આદિવાસી સમાજને રાજયપાલ જેવું ઉચ્ચપદ આપીને ગુજરાતનું ગૌરવ વધાર્યું : ગણપત વસાવા

મધ્યપ્રદેશ, તા.૧૧

આ પ્રસંગે વન, આદિવાસી વિકાસ મંત્રી ગણપત વસાવાએ જણાવ્યું હતું કે, રાજયપાલ મંગુભાઈ પટેલે ગુજરાત સરકારમાં મંત્રી, વિધાનસભાના ઉપાધ્યક્ષ જેવા અનેક હોદ્દાઓ પર રહીને રાજયના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. વડાપ્રધાનનો આભાર વ્યકત કરતા મંત્રીએ જણાવ્યું કે, રાજયમાંથી સૌપ્રથમવાર આદિવાસી સમાજને રાજયપાલ જેવું ઉચ્ચપદ આપીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આગામી પાંચ વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે એક લાખ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવનાર છે. આદિવાસી વિસ્તારોની કાયાપલટ થાય તે માટે પાંચ હજાર કરોડના ખર્ચે સિંચાઈની યોજનાઓનું કામ પુરજોશમાં ચાલી રહ્યું હોવાનું મંત્રીએ જણાવ્યુ હતું. આ કાર્યક્રમમાં મધ્યપ્રદેશના રાજયપાલ બનવા બદલ મંગુભાઈ પટેલને અભિનંદન પાઠવીને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે પૂર્વમંત્રી તરીકે રાજયમાં અનેક હોદ્દાઓ પર રહીને રાજયના વિકાસમાં આપેલા મહત્વપૂર્ણ યોગદાનને યાદ કરીને સ્મંસરણો વાગોળ્યા હતા. આ પ્રસંગે સાંસદ મનસુખભાઈ વસાવાએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ અવસરે સહકારમંત્રી ઈશ્વરસિંહ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ ભાવેશભાઈ પટેલ, ધારાસભ્ય ઝંખનાબેન પટેલ, મુકેશભાઈ પટેલ, સુમુલ ડેરીના ચેરમેન માનસિંહ પટેલ, સહકારી આગેવાન સંદિપ દેસાઈ, ભીખાભાઈ પટેલ, સુરત ડિસ્ટ્રીક બેંકના ચેરમેન નરેશભાઈ પટેલ તેમજ આદિવાસી સમાજના આગેવાનો, સમાજશ્રેષ્ઠીઓ, સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.તાજેતરમાં મધ્યપ્રદેશના રાજયપાલ તરીકે નિયુક્ત થયેલા ગુજરાતનાં પૂર્વ મંત્રી મંગુભાઈ પટેલનુ બારડોલી ખાતે સમસ્ત આદિવાસી સમાજ દ્વારા ભવ્ય સત્કાર સમારોહ યોજીને તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બારડોલી ટાઉન હોલ ખાતે યોજાયેલા સત્કાર સમારોહમાં સુરત, તાપી અને ભરૂચ જિલ્લાના આદિવાસી સમાજના ચૌધરી, ગામીત, હળપતિ, ઢોડિયા, વસાવા સમાજના આગેવાનો તથા પાટીદાર, અનાવિલ સમાજના અગ્રણીઓ, બક્ષીપંચ મોર્ચા તથા અનુસૂચિત જાતિના આગેવાનો, એપીએમસીના હોદ્દેદારો, આદિવાસી સમાજના ડોકટરો, સંતો-મહંતોએ રાજયપાલ મંગુભાઈ પટેલનુ મોમેન્ટો, ફૂલહાર આપી સન્માનિત કર્યા હતા. આ અવસરે રાજયપાલ મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ ભારત વિશ્વગુરુ બનવા જઈ રહ્યો છે.

## ભારત માતા સંગઠન ગુજરાત મંચ પર આયોજિત સ્વામી વિવેકાનંદ જી અને ભારત માતા કવિ સંમેલન સંપન્ન

ભારત માતા અભિનંદન સંગઠન ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા આજ રોજ બપોરે ત્રણ વાગ્યે ઑન લાઈન હિન્દી કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં શ્રી પી ડી મિત્તલ અધ્યક્ષ ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા અધ્યક્ષ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને વિશિષ્ટ અતિથિ તરીકે ડૉ ઘનશ્યામ ભારતી પ્રોફેસર હિન્દી વિભાગ અધ્યક્ષ શાસકીય સ્નાત્કોંત્તર મહા વિદ્યાલય ગઢા કોટા સાગર મધ્ય પ્રદેશ તથા ડૉ પ્રોફેસર મંજુ રાની દિલ્લી વિશ્વ વિદ્યાલય વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ની સરાહના કરી હતી પ્રસંગ ને અનુરૂપ પોતાનું વક્તવ્ય આપ્યું હતું

આ કાર્યક્રમ સરસ્વતી વંદના ડૉ પ્રિતિ પટેલ પ્રોફેસર દ્વારા કરવામાં આવી હતી આ કાર્યક્રમ માં કુલ મળીને ૭૫ કવિઓ એ રાષ્ટ્ર પ્રેમ ની જ્યોત જલાવી પોતાની સ્વામી વિવેકાનંદ વિશે અને ભારત માતા વિશે રજૂ કરી હતી અંતમાં આભાર વ્યક્ત કાંતિ ભાઇ પટેલ એડવોકેટ દ્વારા માનવામાં આવ્યો હતો. રાષ્ટ્ર ગીત રજૂ કરવામાં આવ્યું હતુ અને કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો

ડૉ ગુલાબચંદ પટેલ

### ગુજરાત યુનિવર્સિટીના સ્વામી વિવેકાનંદ શિક્ષણ સંકુલમાં

# સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાનું અનાવરણ કરતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા

ગુજરાત યુનિવર્સિટીના પ્રાંગણમાં આવેલ સ્વામી વિવેકાનંદ શૈક્ષણિક સંકુલમાં સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાંનું અનાવરણ કરીને ગૌરવની લાગણી અનુભવતા ગૃહ મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું કે, ૧૧ મી સપ્ટેમ્મ્બર ૧૮૯૩માં સ્વામી વિવેકાનંદે શિકાગો ખાતે યોજાયેલ વિશ્વધર્મ સંસદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતુ. આ ધર્મ સંસદમાં વિવેકાનંદજીએ ભારતીય સંસ્કૃતિ અને ધર્મવિષયક ઉદબોધ કરીને ભારતીય સંસ્કૃતિને વિશ્વ ફલક પર મૂકી વિશ્વને ભારતીય સંસ્કૃતિની ઓળખ કરાવી હતી.જેના યાદમાં જ ૧૧મી સપ્ટેન્બરનો દિવસ સમગ્ર દેશમાં દિગ્વિજય દિવસ તરીકે ઓળખાય છે.

સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાં યુનિવર્સિટીના અભ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે તેવી લાગણી સાથે ગૃહરાજ્યમંત્રીશ્રીએ વિધાર્થીઓને સ્વામી વિવેકાનંદના “ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહોના” મંત્ર સાથે જીવનમાં પ્રગતિ કરવાની પ્રેરણા આપી હતી. પ્રત્યેક વ્યક્તિ અને ખાસ કરીને દરીદ્રનારાયણની સેવા એ જ તેમના જીવનનો સંદેશ હતો તેમ જણાવી પ્રવર્તમાન સમયમાં ભારતીય સંસ્કૃતિના જતન કરવા અને રાષ્ટ્રને વિશ્વગુરુ બનાવવા વિવેકાનંદજીના વિચારો આજે પણ પ્રસ્તૃત હોવાનું જણાવી તેમના સંદેશાઓને અનુસરવા કહ્યું હતુ.



ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુજરાત યુનિવર્સિટીમાં પોતાના વિધાર્થીકાળના સંસ્મરણોને પણ વાગોળ્યા હતા.

આપ્રસંગે સાંસદ શ્રી હસમુખભાઇ પટેલ,ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હિંમાશુ પંડ્યા, ઉપકુલપતિ શ્રી જગદિશભાઇ ભાવસાર તેમજ શિક્ષણગણ ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરમાં સિઝનનો ૪૯ ટકા વરસાદ નોંધાયો

ગાંધીનગર,તા.૧૧

જિલ્લામાં વરસાદની સરેરાશ એવરેજ ૭૬૫ એમએમ છે જેની સામે અત્યાર સુધી ૩૭૫ એમએમ વરસાદ થયો છે. દહેગામ તાલુકામાં એવરેજ ૮૦૬મીમી વરસાદ પડે છે જેમાં અત્યારસુધી ૨૭૬ મીમી વરસાદ પડ્યો છે અને ટકાવારી ૩૪.૨૪ છે. જ્યારે ગાંધીનગરમાં એવરેજ ૭૧૫ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધીમાં ૨૩૯ મીમી વરસાદ પડ્યો છે અને ટકાવારી ૩૩.૪૨ રહી છે આ ઉપરાંત કલોલમાં ૭૮૨મીમી વરસાદ પડે છે. જેમાંથી અત્યારસુધી ૪૨૨ મીમી વરસાદ અને ટકાવારી ૫૩.૯૬ છે માણસામાં ૮૦૦ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધી ૪૨૮મીમી વરસાદ અને ટકાવારી ૫૩.૦૫ થઈ છે ગાંધીનગર જિલ્લામાં એવરેજ ૭૬૫ મીમી વરસાદ પડે છે જેમાંથી અત્યારસુધી ૩૭૫ મીમી વરસાદ અને ટકાવારી ૪૯.૦૧ રહી છે.ગાંધીનગરમાં બે દિવસથી જિલ્લામાં સારો વરસાદ નોંધાતા નાગરિકો અને ખેડૂતોએ રાહતનો દમ લીધો છે. ગાંધીનગરમાં ગુરૂવારે સવારે ૬ વાગ્યાથી શુક્રવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં સરેરાશ પોણા ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. દહેગામમાં ૩.૩૬ ઈંચ, ગાંધીનગરમાં શહેરમાં એક ઈંચ, કલોલમાં દોઢ ઈંચ તથા માણસામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદથી ગાંધીનગરના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. તો ખેડૂતોના પાકને જીવનદાન મળી ગયું છે. ગાંધીનગરમાં જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૪૯ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

## ભાજપમાં મોટોપાયે હડકંપ : મનપાની ચુંટણી પહેલા બે નેતાઓ દ્વારા ભાજપ સાથે છેડો ફાડ્યો

ગાંધીનગર, તા.૦૧૧

એક તરફ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીની જાહેરાત થતા જ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા પ્રચારના શ્રીગણેશ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ ગાંધીનગરની ચૂંટણી સમયે જ ભાજપના ગઢમાં ગાબડું પડતાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને પેથાપુરના પૂર્વ સરપંચ અને નગરપાલિકાના બે વખત પ્રમુખ રહી ચુકેલા રણજીતસિંહ વાઘેલાના પુત્ર વિજયસિંહ વાઘેલા અને ભાજપના કિસાન મોરચાના મંત્રી ગિરીશસિંહ વાઘેલાએ ભાજપને રામ રામ કરતા ભાજપમાં મોટું ભંગાણ સર્જાયું છે. ત્યારે હવે એ જોવાનું રહે છે કે, ભાજપના આ બન્ને દિગ્ગજ આગેવાનો આગામી દિવસોમાં કયા પક્ષ સાથે જોડાય છે. આ બંને નેતાના રાજીનામાં બાદ અન્ય કાર્યકર્તાઓ પણ રાજીનામાં ધરે તો નવી નહીં. રાજયમાં ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકારણમાં ગરમાવો આવ્યો છે. અલગ-અલગ રાજકીય પક્ષો દ્વારા વિધાનસભાની ચૂંટણીની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આમ આદમી પાર્ટી દ્વારા જન સંવેદના યાત્રા થકી લોકોની મુલાકાત કરવામાં આવી રહી છે. તો બીજી તરફ કોંગ્રેસ દ્વારા પણ લોકોનો સંપર્ક શરૂ કરવામાં આવ્યો છે. ત્યારે ભાજપ દ્વારા પણ જન આશીર્વાદ યાત્રા થકી લોકોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી પણ જાહેર થઈ છે અને આગામી દિવસોમાં ચૂંટણીનું મતદાન થવાનું છે. તેવા સમયે જ ભાજપના બે આગેવાનો એ પોતાનું રાજીનામું ધરી દીધું છે. ભાજપના બે આગેવાનોના રાજીનામાને લઈને રાજકારણમાં ગરમાવો આવ્યો છે. રાજીનામું આપનાર ભાજપના નેતામાં કિસાન મોરચાના મંત્રી અને વિજયસિંહ વાઘેલાનો સમાવેશ થાય છે. વિજયસિંહ વાઘેલાએ સોશિયલ મીડિયાના માધ્યમથી રાજીનામું આપતાં જણાવ્યું હતું કે હું, વાઘેલા વિજયસિંહ રણજીતસિંહ વાઘેલા ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્ય પદેથી તેમજ સક્રિય સભ્ય પદેથી આજદિનથી સ્વેચ્છા પૂર્વક રાજીનામું આપી રહ્યો છું. તો મહેરબાની કરી ભારતીય જનતા પાર્ટીના કોઈ પણ હોદ્દેદારો અથવા સક્રિય કાર્યકરે મને સોશિયલ મીડિયા કે, ફોનમાં ભારતીય જનતા પાર્ટીના મેસેજ કરવા નહીં. આ ઉપરાંત કિસાન મોરચાના મંત્રી ગિરીશ કાનસિંહ વાઘેલાએ પણ સોશિયલ મીડિયાના માધ્યમથી રાજીનામું આપતાં લખ્યું હતું કે, હું ગિરીશ કાનસિંહ વાઘેલા આજરોજથી પેથાપુર ભાજપ કિસાન મોરચાના મંત્રી પદેથી રાજીનામું આપું છું. તો મહેરબાની કરીને ભારતીય જનતા પાર્ટીના કોઈ પણ પ્રકારના કામ માટે મારો સંપર્ક કરવો નહી.

## ગાંધીનગરમાં પતિ અને પરિવાર સામે દહેજની ફરિયાદ

ગાંધીનગર, તા.૧૧

પરિણીતાએ પિયરમાં વાત કરતા તેના પિતાએ તા. ૨૪/૦૬/૨૦૧૪નાં રોજ સાસુનાં ખાતામાં ઈ્પ્જીથી રૂપિયા ૩ લાખ ટ્રાન્સફર કર્યા હતા. પરંતુ પતિ અને સાસુની દહેજની ભૂખ શાંત થઈ ન હતી. એ દરમિયાન સાસુની બદલી રાયપુર મુકામે થઈ જતાં તે ત્યાં રહેવા જતા રહ્યા હતા અને પતિ-પત્ની અજમેરમાં રહેતા હતા. તે વખતે તેના પતિને અન્ય યુવતીઓ સાથે આડા સંબંધો બંધાઈ ગયા હતા. જેનો વિરોધ કરતા તેણીની સાસુ પતિનું ઉપરાણું લઈ પુત્રવધૂને જાતિ વિષયક અપમાનિત કરી ત્રાસ આપતા હતા. બાદમાં વર્ષ ૨૦૧૯ સાસુનું પોસ્ટીંગ ગાંધીનગર ઝઈૈંહ્લખાતે થતાં પરિણીતા તેના પતિ અને એક વર્ષની બાળકી સાથે CRPF કેમ્પમાં રહેવા આવી હતી. પરંતુ અહીં પણમાં દીકરાએ દહેજની માંગણી ચાલુ રાખતા પિયરમાંથી તબક્કાવાર એક લાખ રૂપિયા આપીને ઘર સંસાર તૂટે નહી તે માટે બધો ત્રાસ પરિણીતા સહન કરતી હતી. તેમ છતાં તેઓની દહેજની ભૂખ શાંત ન થતાં તેણીએ કંટાળીને સાસુ - પતિ વિરુદ્ધ ફરિયાદ આપતાં મહિલા પોલીસ મથકમાં દહેજ પ્રતિબંધિત ધારા, જાતિ વિષયક અપમાનિત કરી શારીરક માનસિક ત્રાસ આપવાનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.આંતર જ્ઞાતિમાં પ્રેમ લગ્ન કરવાનું ઉત્તર પ્રદેશની યુવતીને ભારે પડી ગયું છે. પ્રેમ લગ્નના થોડા સમય પછી પતિને અન્ય યુવતીઓ સાથે આડા સંબંધ બંધાઈ જતાં પરિણીતાએ તેનો વિરોધ કર્યો હતો. જેથી પતિ તેમજ ગાંધીનગર ઝઈૈંહ્લમાં ફાર્માસિસ્ટ તરીકે ફરજ બજાવતા સાસુએ દહેજ બાબતે શારીરક માનસિક ત્રાસ આપી જાતિ વિષયક અપમાનિત કરીને ઘર છોડવા માટે મજબૂર કરી દીધી હતી. જેથી પરિણીતાએ પતિ અને સાસુ વિરુદ્ધ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી છે.

# સુરતના એક્ઝિબિશનમાં આકર્ષણનું કેન્દ્ર બનનારા સોનાની જરીનો લહેંગો

સુરત , તા.૧૧


સુરતના એક્ઝિબિશનમાં આકર્ષણનું કેન્દ્ર બનનારા સોનાની જરીનો લહેંગો તૈયાર કરનાર ઉદ્યોગકાર અશોક અડવાણી જણાવે છે કે, સામાન્ય રીતે હાથથી બનતો સોનાની જરીનો લહેંગો સુરતમાં જ નહીં પરંતુ ભારતમાં પ્રથમવાર હાઈસ્પીડ રેપિયર મશીન પર તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ચાંદીના તાર પર આવરણ ચઢાવેલી સોનાની જરીનો ઉપયોગ થયો છે. જેના માટે બનારસથી એક કારીગર બોલાવીને આ લહેંગો તૈયાર કરવામાં આવ્યો છે. જેના માટે ૧૫ દિવસ સુધી રેપિયર મશીન પર વિવિધ ટેકનિકલ ફેરફાર કરીને લહેંગો તૈયાર કરવામાં આવ્યો છે. ઉત્પાદક જણાવે છે કે, સોનાની જરીવાળા લહેંગાને પ્રથમ વખત સુરતમાં તૈયાર કરાયો છે. જેને તૈયાર કરવામાં કુલ ખર્ચ ૪૦,૦૦૦ સુધીનો થયો છે. જ્યારે તેની રિટેઈલ કિંમત ૧.૫૦ થી ૨ લાખની છે. આ લહેંગો તૈયાર કરવામાં ૧ કિલો જેટલો જરીનો વેસ્ટેજ નીકળ્યો હતો. સામાન્ય રીતે ૧ કિલો જરીની કિંમત ૧૨,૫૦૦ થી ૧૩,૫૦૦ની કિંમત હોઈ છે.

આ ઉપરાંત, લહેંગામાં બેઈઝિક ફેબ્રિક તરીકે સુરતમાં બહોળા પર્માણમાં ઉત્પાદિત થતાં વિસ્કોસ ફેબ્રિક્સનો જ ઉપયોગ થયો છે. વીવનીટ એક્ઝિબિશન ચેરમેન મયુર ગોળવાળા જણાવે છે કે, ૦૩ કિલો સોનાની જરીવાળા આ લહેંગાનું કુલ વજન ૭ કિલો છે. સામાન્ય રીતે બનારસી સાડી તૈયાર કરતાં કારીગરોને આ પ્રકારના લહેંગા તૈયાર કરવામાં દોઢ થી બે મહિના લાગતાં હોઈ છે પરંતુ સુરતના ઉત્પાદકે ૧૫ દિવસમાં જ આ પ્રકારનો લહેંગો તૈયાર કરી દીધો છે.

આ સાથે જ એક્ઝિબિશનમાં એક્સપોર્ટ ક્વોલિટીનું લાઈટ ફાસ્ટનેસવાળું ફેબ્રિક પણ પ્રર્દશિત કરાશે. જે મુખ્યત્વે જીઓ ટેક્સટાઈલમાં વધુ ઉપયોગી છે.પહેલીવાર સુરતના હાઈસ્પીડ રેપિયર મશીન પર ૦૩ કિલો સોનાની જરીનો લહેંગો બનાવાયો છે. આગામી ત્રણ દિવસ માટે ખુલ્લા મુકાનારા ચેમ્બર ઓફ કોમર્સના વીવનીટ-ફેબ્રિક્સના પ્રદર્શનમાં આ લહેંગો પ્રદર્શિત કરવામાં આવશે. ટેક્સટાઈલ હબ ગણાતા સુરતમાં પ્રથમ વખત ફેબ્રિક્સનું એક્ઝિબિશન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ પ્રસંગે ચેમ્બરના પ્રમુખ આશિષ ગુજરાતી જણાવે છે કે, પોલિએસ્ટર ઉત્પાદન ક્ષેત્રમાં આગેવાની કરતાં સુરતમાં તૈયાર થતાં કાપડનો પહેરવેશની સાથો-સાથ જીઓ અને ટેકનિકલ ટેક્સટાઈલ તરીકે પણ ઉપયોગ વધ્યો છે. સુરતમાં રેપિયર પર બનતાં હાઉસ ફર્નિશિંગના કપડાની જગ્યાએ હવે તમામ પ્રકારની વેરાયટીનું મેન્યુફેક્ચરીંગ થયું છે. ૫૦૦થી વધુ પ્રકારની વેરાયટીઝના ફેબ્રિક્સનું પ્રદર્શન આ ત્રણ દિવસ પ્રર્દશિત કરાશે. આ સાથે કાર્યક્રમમાં હાજર રહેલા મંત્રી દર્શના જરદોષ, ટેક્સટાઈલ સેક્રેટરી ઉપેન્દ્રસિંહ અને ટેક્સટાઈલ કમિશનર રૂપ રાશીને સુરતમાં બનતા યાર્નથી કાપડ સુધીની તમામ પ્રોસેસ બતાવીને સુરત ટેક્સટાઈલના આંકડાઓ સુપરત કરવામાં આવશે.ટેક્સટાઈલ કમિશનરેટ દ્વારા ૦૩ દિવસ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગનો અભ્યાસ પણ થશે. આ અંગે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલા જણાવે છે કે, અત્યાર સુધી ૧૫,૦૦૦થી વધુ લોકોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ જવાની સાથો-સાથ બોમ્બે, જયપુર, દિલ્હી ઉપરાંત દુબઈ, યુકેથી પણ ડેલિગેશન એક્ઝિબિશનમાં હાજરી આપવા માટે આવવાના છે. ૨૦૦૦ મીટર જગ્યામાં સુરતના ૧૨૫ વીવર્સ-નીટર્સ પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન કરશે. જ્યારે આ એક્ઝિબિશનના કો-ચેરમેન આકાશ ભાદાણી અને દીપપ્રકાશ અગ્રવાલ જણાવે છે કે, સુરતમાં તૈયાર થતું કાપડ ઓસ્ટ્રેલિયામાં ઘર બનાવતાં પૂર્વે જીઓ ટેક્સટાઈલ સેગમેન્ટમાં પણ ઉપયોગ થઈ રહ્યું છે. આવી વિવિધ માર્કેટને અનુરુપ વેરાયટીઝ આ એક્ઝિબિશનમાં પ્રર્દશિત થશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શ્રાદ્ધ પક્ષ.માતૃ,પિતૃ શ્રાદ્ધ મહત્વ"
વિષયક રચનાઓ(૧૨-૯-૨૦૨૧)દિવસ - ૧
Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

-----------------------------------------------

NOG SS: 0089
શીર્ષક : " શ્રાદ્ધ "
પ્રકાર : ગદ્ય

હિંદુ ધર્મના લોકોમાં શ્રદ્ધાથી પિતૃઓને જે અંજલિ આપવામાં આવે છે, તેને શ્રાદ્ધ કહેવાય છે. વિક્રમ સંવત નાં ભાદરવા સુદ પુનમે થી આ પર્વની શરૂઆત થાય છે. જે ભાદરવા વદ અમાસ સુધી ચાલે છે. શ્રાદ્ધ નાં સોળ દિવસનાં સમુહને શ્રાદ્ધપક્ષ તેમજ પિતૃતર્પણનાં દિવસો કહેવાય છે.

અંગ્રેજીમાંથી અનુવાદિત-પિતુ પક્ષ હિંદુ કેલેન્ડરમાં ૧૬ – ચંદ્ર દિવસનો સમયગાળો છે જ્યારે હિન્દુઓ તેમના પૂર્વજને ખાસ કરીને અન્નકૂટ દ્વારા શ્રદ્ધાંજલિ આપે છે. આ સમયગાળાને પિત્રી પક્ષ/પિતર-પક્ષ, પિત્રી પોળખો, સોરઠ શ્રાદ્ધ, કાનગટ, જીતીયા, મહાલય પક્ષ અને અપરા પક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે.

શ્રદ્ધા એક સંસ્કૃત શબ્દ છે જેનો શાબ્દિક અર્થ થાય છે કંઈપણ અથવા કોઈપણ કાર્ય જે તેમાં સંપૂર્ણ નિષ્ઠા અને સંપૂર્ણ શ્રદ્ધા સાથે કરવામાં આવે છે. ( Araddha ). માં હિન્દૂ ધર્મ છે, તે કર્મકાંડ છે કે પગાર શ્રદ્ધાંજલિ એક પ્રદર્શન કરે છે એક માતાનો ' પૂર્વજો ' , ખાસ કરીને એક મૃત માતા-પિતા છે સૈદ્ધાંતિક રીતે, લોકો તેમના માતાપિતા અને પૂર્વજો પ્રત્યે દિલથી કૃતજ્ઞતા અને આભાર વ્યક્ત કરવાનો એક માર્ગ છે, તેમને તેઓ જે છે તે બનવામાં મદદ કરવા અને તેમની શાંતિ માટે પ્રાર્થના કરવા માટે. તેને "સ્મરણનો દિવસ" તરીકે પણ વિચારી શકાય છે. તે પિતા અને માતા બંને માટે અલગથી કરવામાં આવે છે, તેમની સંબંધિત 'તિથી' પર - હિન્દુ કેલેન્ડર મુજબ મૃત્યુ વર્ષગાંઠ . એકંદરે દરમિયાન - પૈતૃક અને માતૃત્વ બાજુ બંને - ઉપરાંત તે 'pitr' સમગ્ર સમુદાય માટે કરવામાં આવે છે Pitru પક્ષ અથવા Shraaddha ...ક્ષ (પૂર્વજો પખવાડિયામાં), જમણી પહેલાં શરદ નવરાત્રી શરદ. કાગવાસ નાંખી પિતૃઓના આત્માની શાંતિ માટે શ્રાદ્ધ કરવામાં આવે છે. સંતાનો યાદ કરી આવનારી અડચણથી રક્ષા માટે પ્રાર્થના કરે છે. સર્વે પિત્રુનું શ્રાદ્ધ ખીર બનાવી બ્રાહ્મણ ને જમાડી દક્ષિણા દેવાય છે. મંદિરમાં સીધુ આપવામાં આવે છે.

અસ્તુ .

રેખા શુકલ. અમેરિકા

-----------------------------------------------

NOG SS: 0032
વિષયઃ માતૃપિતૃ શ્રાધ્ધ
પ્રકાર : પદ્ય
શીર્ષકઃ તર્પણ

શ્રાદ્ધ તિથિએ અર્પણ દિલથી કરીએ તર્પણ
આજ અમાસના દિવસે પિતૃશ્રાધમાં ભળ્યું માતૃશ્રાધ.
હરિદ્વાર ગંગાને કાંઠે શ્રધ્ધાથી કર્યુ ગંગાસ્નાન
માતૃપિતૃને અંજલી આપી ખરા દિલથી કર્યુ તર્પણ.
દશે દિશાથી લાગણી ભાવના, દયા, ક્ષમા તર્પણ,
તમારાં સ્મરણોમાં વહેતા,ભાવ તણા ઝરણાં.
સ્મરણ તમારું પ્રતિક્ષણ આ જીવન રણ,
યાદોનું શરણ જીવન મરણ..
વહે ભાવ સ્નેહનું ઝરણું અકારણ યાદોનું શરણું ,
તમે તો થયા શ્રીજી હરિને શરણ ,પગદંડીએ અંકિત તમારું મરણ.
મુખ પરનું સ્મિત,અમારા □દયમાં અંકિત,
તમારાં સ્નેહનું નજરાણું નિરાળું.
એ જ પ્રાર્થનાને એ જ ભજન,
વાગોળતા રહીશું બસ અવિરત.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

-----------------------------------------------

NOG SS NO - 0026
વિષય - શ્રાદ્ધ.
શીર્ષક - તો શું થાય?
વિભાગ - પદ્ય ( લઘુકાવ્ય)

આપણે,
જીવતાં મા - બાપને,
હાંસિયામાં ધકેલી દઈએ,
મરણ પછી,
શ્રાધ્ધ કરીએ
તો શું થાય?
શું શ્રાદ્ધ એમને પહોંચી જાય?
પણ, સાથે - સાથે,
પશ્ચ્યાતાપનાં આંસુ પણ એમાં ભળી જાય,
તો, આટલું તો જરૂર થાય,
એમનાં સુધી શ્રાદ્ધ પહોંચી જાય!

અંજના ગાંધી "મૌનુ",વડોદરા

-----------------------------------------------

NOG SS No :- 0038
વિષય :- શ્રાધ્ધ
વિભાગ :- માઈક્રોફિક્સન
શીર્ષક :-શ્રાધ્ધ

પતિના અવસાન પછી રોજ ભગવાન પાસે કગરીને મોત માંગતા બા આજે દીકરા અને વહુને એના પિતાના શ્રાધ્ધમાં આખું ગામ જમાડતા જોઈ પોતાની આંખમાંથી વહેતા આંસુ ને રોકી શકતા નથી.

શીલાપટેલ "આકાંક્ષા"

-----------------------------------------------

NOG SS No : 0001
પ્રકાર : ગદ્ય
શિર્ષક : શ્રાદ્ધ પક્ષ
પિતૃ શ્રાદ્ધ. (પ્રથમ રચના)

આપણા પિતા એટલે આપણા જન્મદાતા ,આ ધરતી પર જીવન જીવવાનો અધિકાર આપનાર આપણા પ્રથમ દેવ,
આપણા જન્મથી જ આપણું દરેક પ્રકારે ધ્યાન રાખે, પોતાની લાગણીઓ હૃદયમાં ધરબી દઈ બાળકની લાગણીને
જરાય ઠેશ ના પહોંચે એ ખ્યાલ રાખે....એ પિતા ,પોતે પોતાના માટે કાઈપણ ખરીદતા સો વાર વિચાર કરે અને
સંતાન માગે તો તરત લાવી આપે, પોતે તૂટેલા બુટ ચપ્પલે કે ઉઘાડા પગે ચાલી નીકળે પણ સંતાનને સારામાં સારા
પગરખાં અપાવે ,પોતે બહાર હોટલમાં જાય -ખાય નહિ પણ સંતાનોને લઇ જાય એ પિતા જેમની કિંમત સંતાન
સમજે નહિ અને ઘણીવાર પિતાની લાગણીઓને ઠેશ પહોંચાડે અને પિતા એ કડવા ઘૂંટ ગળી જાય , એ બધી વાતનો
ખ્યાલ સંતાનને પછી આવે.એટલે એમને મૃત્યુ બાદ માફી માગી ,જાણતા અજાણતા એમના આત્માને દુઃખ લાગ્યું હોય
તો ક્ષમા કરવા અને આત્માની શાંતિ આપી મોક્ષ માર્ગે ઈશ્વર લઇ જાય એ માટે શ્રદ્ધા પૂર્વક કરાય છે શ્રાદ્ધ
આ શ્રાદ્ધનો સૌથી પહેલો ઉપદેશ મહર્ષિ નીમીને મહા તપસ્વી અત્રી મુનિને આપ્યો હતો.આમ શ્રાદ્ધની સૌથી
પહેલી શરૂઆત મહર્ષિ નિમીએ કરી હતી.વિષ્ણુના અવતાર શ્રી રામ અને શ્રી કૃષ્ણ એ પણ પિતૃના શ્રાદ્ધ કર્યા હતા.રામાયણમાં પણ પિતૃઓના શ્રાદ્ધનું વર્ણન છે જ. આમ પિતૃઓના આત્મા ની શાંતિ અર્થે કે ઈશ્વર એમને
મોક્ષ આપે એ પ્રાર્થના કરવામાં આવે છે. અથવા એ જ આત્મા આગળના જન્મને ભૂલી નવો જન્મ સરળતાથી
નવી શૈલીમાં લઇ શકે એ પ્રાર્થનાનું સ્વરૂપ હશે શ્રાદ્ધ જે કરવું જોઈએ કોઈએ પણ પૂર્ણ શ્રદ્ધાથી.કારણ કે શ્રાદ્ધ
એ પિતૃ ઋણમાંથી મુક્ત થવાની પૂજા અર્ચના છે.

સંચાલક : પ્રદીપ રાવલ

-----------------------------------------------

NOG SS No : 0001
પ્રકાર : ગદ્ય
શીર્ષક : શ્રાદ્ધ પક્ષ
માતૃ શ્રાદ્ધ (બીજી રચના)

અર્પણ , તર્પણ અને સમર્પણ એટલે માતૃ શ્રાદ્ધ , આ જગતનો કોઈ પણ જીવ ગમે તેટલું તર્પણ કરે તોય માતાના
ઋણમાંથી મુક્ત થઇ શકવા જ નહી.આમ જોવા જાવ તો શ્રાદ્ધ શબ્દ શ્રદ્ધા ઉપરથી બનેલો છે.મહામુનિ કપિલદેવે
પોતાની માતા દેવહુતિનું સાંખ્ય જ્ઞાનનો ઉપદેશ આપી જીવનમુક્તિ અપાવી હતી ત્યારથી આ માતૃશ્રાદ્ધનો મહિમા
થયો છે. માં ના ઉપકારો તો કોઈપણ હિસાબે ભૂલી શકાય જ નહિ. માં જન્મ આપે છે એ જ ઉપકાર કેમ ભુલાય?
અનેક પીડાઓ સહન કરી એક જીવને પોતાના ઉદરમાં ઉછેરી આ ધરતી પર લાવે છે , એક જીવમાંથી બીજો જીવ
જન્મ લે એ જ ઈશ્વરની મોટી કૃપા છે. માતૃત્વ ધારણ કર્યા પછી માં બાળકને જન્મ આપે એટલે એને પહેલો સંતોષ
માતા બનવાનો થાય છે. પછી તો બાળક જ એની દુનિયા બની જાય છે. આ દુનિયામાં એને પોતાના બાળકથી
વિશેષ કાંઈ નથી હોતું.
માતૃ શ્રાદ્ધ કરવા માટે શ્રેષ્ઠ સ્થળ છે..બિંદુ સરોવર કેમ બન્યું એ પણ જાણવા જેવું છે કર્દમઋષિ અને દેવહુતિની
કઠોર તપશ્ચર્યા જોઈને ભગવાન નારાયણે પ્રસન્ન થઈ વરદાનમાં માતા દેવહુતિના કુખે જન્મ લીધો જે ભગવાન નારાયણનો પાંચમો અવતારહ્ક કપિલાવતારહ્ક કહેવાયો કપિલ ભગવાને નાની ઉંમરમાં માતા દેવહુતિને સાંખ્યશાસ્ત્રનો
ઉપદેશ આપી માતાનો ઉધ્ધાર કર્યો. ભગવાન કપિલના ઉપદેશથી કૃતાર્થ થયેલી માતા દેવહુતિની આંખોમાં હર્ષના
અશ્રુ ઉભરાયાં. જે નીચે ટપકતાં ત્યાં સરોવર બન્યું. જે હર્ષબિન્દુ સરોવર કહેવાયું અને કાળક્રમે એ બિંદુ સરોવર તરીકે ઓળખાયું આમ માતાએ કરેલા આપણા પરના અગણિત ઉપકારો કે જેનું કોઈ મૂલ્ય નથી , અમૂલ્ય છે ,
એ માતાને આપણે અનેક ઈચ્છા ના હોવા છતાં દુઃખ પહોંચાડ્યું હોય , આપણને એવો ખ્યાલ પણ ના હોય કે
આપણા કર્મ કે વચનથી માના હૃદયને ઠેશ પહોંચી અને એ આંસુઓનો કડવો ઘૂંટ કોઈને ખબર પડે એમ ગળી ગઈ છે. એટલે સંપૂર્ણપણે અર્પણ ,તર્પણ અને સમર્પણનો યજ્ઞ એટલે માતૃ શ્રાદ્ધ .

સંચાલક : પ્રદીપ રાવલ

## મોડાસા : સુકુન સોસાયટીમાં એક સાથે ૨૦ મકાનોના પાણીના કનેક્શન કાપી નાખતા લોકોમાં આક્રોશ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસા નગરપાલિકા તંત્રના પાણી પુરવઠા વિભાગે શહેરમાં ગેરકાયદેસર નળ કનેક્શન ધરાવતા લોકો સામે લાલ આંખ કરી છે અને રહેણાંક વિસ્તારોમાં ચેકીંગ હાથધરી ભૂતિયા નળ કનેક્શન ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે શહેરની સુકુન સોસાયટીમાં નગરપાલીકા તંત્ર દ્વારા સુકુન સોસાયટીમાં આવેલ ગેરકાયદેસર નળ કનેક્શન ઝડપી પાડ્યા હતા અને એક સાથે ૨૦ મકાનોને પાણી પૂરું પાડતી પાઈપલાઈનનું કનેક્શન કાપી નાખતા રહીશોમાં આક્રોશ છવાયો હતો જો કે નગરપાલિકાની કામગીરીથી સૂકા ભેગું લીલું પણ બળી જાય તેમ કાયદેસર નળ કનેક્શન ધરાવતા ત્રણ-ચાર મકાનોના નળ કનેક્શન પણ કાપી નાખવામાં આવ્યા હતા જો કે કાયદેસર નળ જોડાણ ધરાવતા લોકોને ટેક્ટર મારફતે પાણી પુરૂ પાડવામાં આવ્યું હતું સુકુન સોસાયટીમાં એક સાથે ૨૦ મકાનોના નળ કનેક્શન કાપી નાખતા સ્થાનિક કોર્પોરેટરો દોડી આવ્યા હતા અને નગરપાલીકા પૂર્વગ્રહ રાખી કામગીરી કરતી હોવાનો આક્ષેપ કર્યો હતો

મોડાસા શહેરમાં હજ્જારો ભુતિયા નળ કનેક્શનથી નગરપાલીકાને વર્ષે દહાડે લાખ્ખો રૂપિયાનું નુકશાન પહોંચી રહ્યું છે મોડાસા નગરપાલિકાએ ગેરકાયદેસર નળ કનેક્શન સામે શખ્ત કાર્યવાહી હાથધરી છે મોડાસા શહેરમાં આવેલી સુકુન સોસાયટીમાં એક સાથે ૨૦ મકાનોના નળ કનેક્શન કાપી નાખવામાં આવતા લોકોએ હોબાળો મચાવ્યો હતો સુકુન સોસાયટીમાં રહેતા લોકોના જણાવ્યા અનુસાર નગરપાલિકાએ કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર અને પાણીનું પાઈપલાઈનનું સમારકામ કરવાનું હોવાનું જણાવી નળ કનેક્શનની મુખ્ય પાઈપલાઈન કાપી નાખી હતી જયારે પાણીનો સમય થયો ત્યારે લોકોને પાણીનું નળ કનેક્શન કાપી નાખવામાં આવ્યું હોવાની જાણ થતા બેબાકળા બની લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા અને નગરપાલિકાની કામગીરી સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો લોકના જણાવ્યા અનુસાર,નળ કનેક્શન કાપતા પહેલા અંધારામાં રાખવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો

સુકુન સોસાયટીમાં ૨૦ મકાનોના એક સાથે નળ કનેક્શન કાપી નાખવામાં આવતા લોકોએ હોબાળો કરતા સ્થાનીક કોર્પોરેટરો દોડી આવ્યા હતા છૈસૈંસ્ના નગરસેવક બુરહાન ચડીના જણાવ્યા અનુસાર શહેરમાં અનેક લોકો ભુતિયા કનેક્શન ધરાવે છે ત્યારે શહેરની અંદરની સોસાયટીમાં એક સાથે ૨૦ મકાનોના નળ કનેક્શન કાપી નાખ્યા છે નગરપાલિકાએ સુકુન સોસાયટીમાં કાયદેસર નળ કનેક્શન ધરાવતા લોકોના નળ કનેક્શન કાપી નાખતા ભર વરસાદે પાણી વગર ટળવળી રહ્યા છે

સુકુન સોસાયટીમાં મોટા ભાગના મકાનોમાં ગેરકાયદેસર નળ કનેકશન હોવાથી નળ કનેકશન કાપવામાં આવ્યા છે અગાઉ પણ આ સોસાયટીમાં નળ કનેક્શન કાપી કાયદેસર રીતે નળ કનેક્શન કરવા જણાવ્યું હોવા છતાં સ્થાનીક લોકો ભુતિયા નળ મારફતે પાણી મેળવતા હોવાથી નળ કનેક્શન કાપવાની ફરજ પડી છે સોસાયટીમાં કાયદેસર નળ કનેક્શન ધરાવતા બે ત્રણ મકાનોના નળ કનેક્શન ભૂલથી કપાઈ જતા તેમના ઘરે ટેક્ટર મારફતે પાણી પુરુ પાડવામાં આવ્યું છે અને તેમના નળ કનેક્શન પૂર્વરત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું અને શહેરના દરેક વિસ્તારમાં ભુતિયા નળ કનેક્શન સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવશે

## શામળાજી પોલીસે રતનપુર નજીકથી ઝડપી લીધો શેઠજી બુટલેગરે ટ્રક-કન્ટેનરમાં ૩૨.૩૦ લાખનો વિદેશી દારૂ ભરી અમદાવાદ રવાના કર્યો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી ફક્ત કાગળ પર હોય તેમ દારૂની રેલમછેલ ઠેર ઠેર જોવા મળી રહી છે રાજ્યમાં દારૂ વેચવા કે પીવા પર પ્રતિબંધ છે સરકારે દારૂબંધીનો કાયદો કડક કરીને સજાની જોગવાઈમાં પણ વધારો કરવા છતાં ગુજરાતના કોઈ પણ વિસ્તાર કે ખૂણામાં દારૂ પીને રસ્તે રજળતા અને દારૂ વેચનાર ના ઠેકાઓ અને હોમડિલિવરી આપનાર બુટલેગરો બેફામ બન્યા છે અરવલ્લી જીલ્લાના શામળાજી પોલીસે ગુરુવારે રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામ નજીક ટ્રક-કન્ટેનર માંથી ૩૨.૩૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ટ્રક ડ્રાઈવરને દબોચી લઈ ટ્રક-કન્ટેનરમાં દારૂ ભરી આપનાર શેઠજી નામના બુટલેગરને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર આવેલી આંતરરાજય સરહદ રતનપુર ચેકપોસ્ટ પર શામળાજી પીએસઆઈ આશીષ પટેલ અને તેમની ટીમે રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડતો અટકાવવા સઘન પેટ્રોલિંગ તેમજ રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથધરતાં બાતમીના આધારે રાજસ્થાન તરફથી આવતા ટ્રક-કન્ટેનરને અટકાવી તલાશી લેતા ટ્રક-કન્ટેનરમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશીદારૂની પેટી નંગ-૫૯૮ માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૭૧૭૬ કીં.રૂ.૩૨૩૦૪૦૦/-જપ્ત કરી ટ્રક ચાલક યોગેશ છાજુરામ યાદવ (રહે,બસાવા-રાજસ્થાન) ને દબોચી લીધો હતો ટ્રક-કન્ટેનર ની કીં.રૂ.૧૦૦૦૦૦૦/- મળી કુલ રૂ.૪૨.૩૨ લાખથી વધુનો મુદ્દામાલ ઝડપી પાડી વિદેશી દારૂ ભરી આપનાર શેઠજી નામના બુટલેગર સામે શામળાજી પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

શામળાજી પીએસઆઈ આશીષ પટેલના જણાવ્યા અનુસાર શેઠજી નામના બુટલેગરે ટ્રક-કન્ટેનરમાં વિદેશી દારૂ ભરી આપ્યો હતો અને અમદાવાદ બુટલેગરને પહોંચાડવાનો હોવાની પ્રાથમીક તપાસમાં જાણવા મળ્યું છે

## ઈડર તાલુકામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના કામોની વિઝીલેસ તપાસની લોકોની માંગ

ગુજરાત સરકાર દ્વારા એક ગામથી બીજા ગામ સુધી જવા માટે ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક એટલે એક ગામ થી બીજા ગામમાં જોડતા પાકા રોડ રસ્તા લાખ્ખો કરોડો રૂપિયા ખર્ચી બનાવવામાં આવી રહ્યા છે ત્યારે ઈડર તાલુકાના ઓડા ગામથી બાદરપુરા જતા ઈડર પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પ્રોજેક્ટ ભંડોળ ગુજરાત સરકાર માંથી રૂઃ ૮૯ લાખની માતબર રકમ ફાળવી ત્રણ મહિના જીવણ ભાઈ પટેલ એજન્સી દ્વારા માટીકામ, મેટર કામ અને ડામરનું કામ પૂર્ણ કરી બાદરપુરા એપ્રોચ રોડ ૨.૫૦ કિ.મીનો નવીન બનાવવામાં આવ્યો છે જે રોડના કામમાં ગુણવત્તા વગરનું કામ કરવામાં આવતા ખાલી ત્રણ મહિનામાંજ બનાવેલ રોડનું સિલકોટ ઉખડી ગયું છે જેના કારણે રોડપર નાની કાંકળી વેળવીખેર જોવા મળી રહી છે જેને લઈ લાખ્ખો રૂપિયાના કામોમાં ગેરરીતી થઈ હોવાની પંથકમાં લોકમુખે ચર્ચાએ જોર પકડ્યું છે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલી ભગતથી ગુણવત્તા વગરના કામમાં ભ્રષ્ટાચારની બુ આવી રહી હોય તેમ લાગી રહ્યું છે ઈડર તાલુકામાં નવીન બની રહેલ ડામર રોડ અને પુલના કામોમાં છાશવારે રોડ તૂટવા, રોડ બેસીજવા, રોડપર ખાડા પડવા, પુલ પર ગાબડા પડવા, તિરાડો પડવી જેવી અનેક બુમરાણ ઉઠવા પામે છે અને આ બાબતે વારંવાર જવાબદાર વિભાગના અધિકારીને જાણ કરવામાં આવવા છતાં આંખ આડા કાન કરી વાતને રફેદફે કરી કોન્ટ્રાક્ટરોને છાવરતા હોય તેમ લાગી રહ્યું છે કોન્ટ્રાક્ટરો આવા ગુણવત્તા વગરના કામો કરી જો કોઈને ખબર ના પડેતો કામોમાં થિંગડા મારી પોતાની જવાબદારી માંથી છટકી જાય છે જો આજ રીતે સરકારી યોજનાઓમાં કામો થતા રહેશે તો આવનારા દિવસોમાં પ્રજાનો વિશ્વાસ સરકારની યોજનાઓ માંથી ઉઠી જશે જેને લઈ આ બાબતે જો કોઈ ઉચ્ચ કક્ષાના જેવાકે .કોલેટી કન્ટ્રોલ .અથવા .વિઝીલેસ .એથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવેતો મસમો ટો રોડ કામોનો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે.

માલજીભાઈ રબારી સાબરકાંઠા

## કાગળના માવામાંથી બનાવેલી મૂર્તિઓના સંદર્ભમાંના 'રાષ્ટ્રીય હરિત લવાદદ્વના પ્રતિબંધ આદેશનું ઉલ્લંઘન !

# કાગળના માવામાંથી બનાવેલી મૂર્તિઓ વેચનારા 'ઍમેઝોન, 'ફ્લિપકાર્ટ, 'ઇંડિયા માર્ટ આ સંકેતસ્થળોનાં વિરોધમાં પોલીસ ફરિયાદ

કાગળના માવામાંથી બનાવેલી ગણેશમૂર્તિ પ્રચંડ પ્રદૂષણકારી અને પર્યાવરણને ઘાતક હોવાથી તેનાં પર પ્રતિબંધ નાખવાનો આદેશ મા. રાષ્ટ્રીય હરિત લવાદ, પશ્ચિમ વિભાગ, પૂણેએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે આપ?યો હતો. તેમજ લવાદે તત?કાલીન શાસનના કાગળના માવાની મૂર્તિને પ્રોત્સાહન આપનારા ૩ મે ૨૦૧૧ આ દિવસના શાસન નિણર્યને સ?થગિતિ આપી હતી. એમ હોવા છતાં 'ઍમેઝોન', 'ફ્લિપકાર્ટ', 'ઇંડિયા માર્ટ', 'ઇકો ગણેશા' જેવા ઇ-કોમર્સ સંકેતસ્થળો દ્વારા મોટા પ્રમાણમાં કાગળના માવામાંથી બનાવેલી મૂર્તિઓનું વેચાણ ચાલુ છે. આ મા. લવાદના ન્યાયિક આદેશોનું ઉલ્લંઘન છે અને તેને લીધે મોટા પ્રમાણમાં પ્રદૂષણ વધશે. તેથી મા. રાષ્ટ્રીય હરિત લવાદના




ન્યાયિક આદેશોનું ઉલ?લંઘન કરનારાઓ પર ફોજદારી ગુનાઓ દાખલ કરવામાં આવે, તે માટે હિંદુ જનજાગૃતિ સમિતિ અને અન્ય હિંદુત્વનિષ્ઠ સંગઠનોએ પુણે, સંભાજીનગર અને જલગાંવ ખાતે પોલીસ ફરિયાદ કરી છે, એવું હિંદુ જનજાગૃતિ સમિતિના રાજ્ય સંગઠક શ્રી. સુનિલ ઘનવટે કહ્યું છે.

વર્ષ ૨૦૧૧માં તત?કાલીન રાજ્ય શાસને કાગળના માવાની મૂર્તિઓને પ્રોત્સાહન આપનારો શાસન નિર્ણય આપ્યો હતો. માહિતી અધિકારમાં આ વિશે વિચારણા કર્યા પછી પર્યાવરણ વિભાગ અને મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ મંડળે આ વિશે 'કોઈ પણ જાતનો અભ્યાસ કર્યો નથી' એવો લેખિત ઉત્તર આપ્યો છે. હિંદુ જનજાગૃતિ સમિતિએ આ વિશે 'રાષ્ટ્રીય હરિત લવાદ' પાસે કાગળના માવાને કારણે મોટા પ્રમાણમાં જળપ્રદૂષણ થતો હોવાની યાચિકા દાખલ કરી હતી. તેના પર લવાદે ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે શાસનના આ નિર્ણયને બેમુદત કાળ માટે સ્થગિતિ આપી. તેમજ કાગળના માવાની મૂર્તિનો પ્રચાર-પ્રસાર કરવો નહીં, એવો આદેશ પણ આપ?યો હતો. તેથી આ આદેશનું ઉલ્લંઘન કરીને કાગળના માવાની મૂર્તિનું વેચાણ કરવું આ ફોજદારી ગુનો છે, એવું શ્રી. ઘનવટે આ સમયે કહ્યું.

સંભાજીનગર ખાતે હિંદુ જનજાગૃતિ સમિતિના શ્રી. શશાંક દેશમુખ અને હિંદુ વિધિજ્ઞ પરિષદનાં સંસ્થાપક સદસ્ય ધારાશાસ્ત્રી (પૂ.) સુરેશ કુલકર્ણીએ પોલીસ આયુક્ત કાર્યાલયમાં; પૂણે ખાતે શ્રી. દિપક આગવણે અને શ્રીશિવપ્રતિષ્ઠાન હિંદુસ્થાનનાં શ્રી. ઋષિકેશ કામથેએ પૂણે પોલીસ આયુક્ત કાર્યાલયમાં; જ્યારે જલગાંવ ખાતે હિંદુ રાષ્ટ્ર સેનાના ઉત્તર મહારાષ્ટ્ર પ્રાંતપ્રમુખ શ્રી. મોહન તિવારી, હિંદુ જનજાગૃતિ સમિતિના શ્રી. ગજાનન તાંબડ, હિંદુત્વનિષ્ઠ ધારાશાસ્ત્રી નિરંજન ચૌધરી અને હ.ભ.પ. યોગેશ મહારાજ કોળીએ જલગાંવ જિલ્લાધિકારી અભિજિત રાઉત, તેમજ પોલીસ અધિક્ષક કાર્યાલયમાં ફરિયાદની અરજી દાખલ કરી છે. આ સમયે જિલ્લાધિકારી શ્રી. રાઉતે તેઓ આ બાબતે ધ્યાન આપીને આગળની કાર્યવાહી કરશે, એવું આશ્વાસન આપ્યું.



જાગનાથ મહાદેવ મંદિર ધંધુકમા લઘુરુદ્ર હવન ડી એ વિદ્યામંદિર ધંધુકા ના આચાર્ય ગીતાબેન કિર્તીભાઇ દવે પરિવાર તરફથી જાગનાથ મહાદેવ મંદિર માં હોમાત્મક લઘુરુદ્ર કરવામાં આવેલ.આ બાબતે વધારે જાણકારી મળતાં ધંધુકા માં આવેલ અતિ પૂરાણ મહાદેવ નુ મંદિર એટલે જાગનાથ મહાદેવ મંદિર ના સાનિધ્ય માં હોમાત્મક લઘુરુદ્ર ના યજમાન હર્ષ જીત દવે એ લાભ લીધેલ હતો કર્મકાંડી ભુદેવો એ શાસ્ત્રોગત મંત્રોચ્ચાર કરી હવન કરવામાં આવેલ આ પ્રસંગે મોટીસંખ્યામાં શિવ ભક્તો દર્શન કરવા ઊમટી પડ્યા હતા.

## અરવલ્લીના મેઘરજ જંગલમાં ગેરકાયદેસર ખેડાણ મામલે મેઘરજ વનવિભાગની ચૂપકીદી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

મેઘરજ તાલુકાના જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર ખેડાણ આ મામલે મેઘરજ વન વિભાગ આર.એફ.ઓ આંખ મીચોલી રમતા હોય તેઓ લાગી રહ્યું છે તેમજ મેઘરજ જંગલ વિસ્તારના રાઉન્ડ ફોરેસ્ટર અધિકારીઓ તેમજ બીટગાર્ડ ના મિલીભગતના કારણે સરકારી જંગલોનું જંગલોનું રક્ષણ કરવાની ફરજ તેની જગ્યાએ ગેરકાયદેસર ખેડાણ ને પ્રોત્સાહન આપી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે હાલ હજારો અને લાખો રૂપિયામાં મળતી મળતી જમીન વનવિભાગના કર્મચારીઓ જંગલની જમીનો ૫ થી ૭ હજાર રૂપિયા લઈ ખેડાણ કરાવવા ખેડાણ કરવા આપી ગીતા હોવાની મેઘરજ તાલુકામાં બુમરાડ ઉઠી છે મેઘરજ તાલુકા નું ભેમાપુર જંગલ માં ઠેરઠેર ગેરકાયદેસર ખેડાણ ના દ્રશ્યો જોવા મળી રહ્યા છે તેમ છતાં મોડાસા નોર્મલ આર.એફ.ઓ કાર્યવાહી કરવામાં આળસ રાખી રહ્યા છે મેઘરજ તાલુકામાંથી બિન અધિકૃત ખેરના લાકડા ની રાજયવ્યાપી તસ્કરી થઈ રહી હોવા છતાં રાઉન્ડ ફોરેસ્ટર અધિકારી હપ્તા રાજની ચર્ચાઓ તેમજ ઉપલા અધિકારીઓ ને જાણ કરવા છતાં કોઈપણ કાર્યવાહી ન કરતા brushed તંત્રની મિલીભગત ગંધ આવી રહી છે કેવું લોકો માની રહ્યા છે

## ચાણસ્માના રામપુરા ગામે ઓચિંતી મુલાકાત લેતા તાલુકા વિકાસ અધિકારી



પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રામપુરા ગામે તાલુકા વિકાસ અધિકારી શ્રી યોગેશકુમાર એચ ભાવસાર સાહેબ દ્વારા રામપુરા ગામે ઓચિંતી મુલાકાત લઇને વિવિધ પ્રશ્નો તેમજ ગામની અંદર આવેલ પ્રાથમિક શાળાની અંદર મુલાકાત લઇ શાળાના સ્ટાફની હાજરી તેમજ બાળકોની હાજરી પત્રક ની ચકાસણી કરી હતી તેમજ શાળાના આચાર્યશ્રી ને તેમજ ગામના સરપંચ શ્રી ને તેમ જ તલાટી કમ મંત્રી શ્રી ગામના અંદર સો ટકા વ્યસન થાય તેવી સૂચના આપવામાં આવી હતી આ પ્રસંગે ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી શ્રી યોગેશકુમાર ભાવસાર, રામપુરા સરપંચ શ્રી ભીખીબેન ઝાલા, શાળાના આચાર્ય શ્રી કિરીટકુમાર પટેલ, તલાટી કમ મંત્રી શ્રી ચેતનભાઈ પટેલ,પીપળ મેડિકલ ઓફિસર શ્રી ભાવેશભાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે રામપુરા પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા ધોરણ ૧ થી ૫ નું છેલ્લા કેટલાય સમયથી શેરી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે તેમજ ૬ થી ૮ ના વર્ગો પણ ચાલુ કરો રાખવામાં આવી રહ્યા છે આમ રામપુરા પ્રાથમિક શાળાની કામગીરી પણ સરાહનીય જણાઈ રહી છે રિપોર્ટર નિખિલ જોશી ચાણસ્મા



શ્રી એસ.વી.ટી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઉજળેશ્વર,ધનસુરા ખાતે આજ રોજ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકદિનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ કોલેજ કેમ્પસના ડાયરેક્ટર શ્રી આકાશભાઈ ગોસ્વામી, PGDCA કોલેજના આચાર્ય શ્રી ભૌમિકભાઈ કોઠારી, આચાર્ય શ્રી ડૉ.ભાવેશભાઈ પાટીલ તથા સમીર વિકાસ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી એમ.કે.મિર્ઝા સાહેબ ઉપસ્થિત રહી એક દિવસ ની શિક્ષકની ભૂમિકા ભજવનાર વિદ્યાર્થીઓ ને તથા સમગ્ર આર્ટ્સ કોમર્સ ના સ્ટાફમિત્રો ને પ્રોત્સાહિત કરી અભિનંદન આપ્યા હતા. મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

### એકવીસમી સદીમાં ભારત પાસે ગ્લોબલ લીડર તરીકે ઉભરવાનો અવસર : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી

# પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે સરદારધામ ભવનનું વર્ચ્યૂઅલ લોકાર્પણ અને કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન




પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના વૈષ્ણોદેવી મંદિર પાસે નવનિર્મિત સરદારધામના લોકાર્પણ અને કન્યા છાત્રાલયના ભૂમિપૂજન પ્રસંગે વર્ચ્યૂઅલ સંબોધનમાં જણાવ્યું હતું કે, એકવીસમી સદીમાં ભારત પાસે ગ્લોબલ લીડર તરીકે ઉભરવાનો અવસર છે અને કેન્દ્ર સરકાર આ અવસરોના સંદર્ભમાં જ નીતિ-ઘડતરનું કાર્ય કરી રહી છે.તેમણે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો સંદર્ભ આપતા કહ્યું કે, સ્પર્ધાત્મક જગતમાં ભાવિ પડકારોને પહોંચી વળવા ભારતે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કૌશલ્યવર્ધનને વધુ પ્રાધાન્ય આપ્યું છે અને તેના પરિણાસ્વરૂપે ભારતની નવી પેઢી વાસ્તવિકતાઓનો સામનો કરવા માટે તૈયાર કરશે.

આ અવસરે પ્રધાનમંત્રીશ્રીએ કોરોનાકાળનો ઉલ્લેખ કરતા કહ્યું કે, કોરોનાના કઠીન સમયમાં જ્યારે વૈશ્વિક અર્થતંત્ર ડિફેન્સની નિતી અપનાવી રહ્યું હતું, ત્યારે ભારતે રિફોર્મની નીતિ અપનાવી વિકાસયાત્રાને આગળ ધપાવી છે.

પ્રધાનમંત્રીશ્રીએ આજની ૯-૧૧( ૯ સપ્ટેમ્બર) તારીખનો ઉલ્લેખ કરતા કહ્યું કે, દુનિયામાં આ તારીખ અનેક રીતે જાણીતી છે. આ જ દિવસે માનવતા પર(અમેરિકાના ટવીન ટાવર પર હુમલો) પ્રહાર થયો હતો, અને આ એ જ દિવસ છે જ્યારે ૧૮૯૩માં શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં સ્વામી વિવેકાનંદ વિશ્વને ભારતના માનવીય મૂલ્યોનો પરિચય કરાવ્યો હતો. આ બંને ઘટનાઓનો સંદર્ભ આપતા પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે, આજે દુનિયા એ વાતનો અહેસાસ કરી રહી છે કે ૯-૧૧ જેવી ત્રાસદીનું સ્થાયી સમાધાન માનવતાના મૂલ્યોમાં જ રહેલું છે.

આ અવસરે તમિલ કવિ સુબ્રમણયમ ભારતીની ૧૦૦મી પુણ્યતિથીનું સ્મરણ કરતા કહ્યું કે, બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સુબ્રમણયમ ભારતીના નામે ચેર સ્થપાશે. તેમણે કહ્યું કે, બનારસ હિન્દુ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં તામિલ સ્ટડીઝ પર સુબ્રમણ્ય ભારતી ચેર સ્થાપિત કરાશે.

પ્રધાનમંત્રીશ્રીએ ઉપસ્થિત શ્રોતાજનોને ગણેશ ચતુર્થી અને ઋષિપંચમીની શુભકામના પાઠવી હતી. તેમણે જૈનોના પવિત્ર પર્વ પર્યુષણનું સ્મરણ કરી નાગરિકોને મિચ્છામી દુક્કડમની શુભકામના પાઠવી હતી.

પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું કે, જ્યારે તેમણે ભારત સમક્ષ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો વિચાર મૂક્યો ત્યારે આ સમગ્ર રાષ્ટ્ર આ પ્રયાસનો હિસ્સો બની ગયું, આમ સરદારની પ્રતિમા દેશની એકતાના પ્રતિકરૂપ બની રહી છે.

સરદારધામ માત્ર દેશના ભવિષ્યના નિર્માણ માટેના અધિષ્ઠાનનું કાર્ય જ નહી કરે, પણ સરદાર સાહેબના વિચારોથી યુવાનોને પ્રેરિત પણ કરશે, તેમ પણ પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતુ.

શ્રી નરેન્દ્રભાઈએ કહ્યું કે, દેશમાં જે વર્ગ સમાજમાં પછાત રહ્યો છે, તેમના વિકાસ માટે કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે.અને આ પ્રયાસોના ભાગરૂપે જ આર્થિક માપદંડના આધારે ૧૦ ટકા આરક્ષણ આપવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રીશ્રીએ સેવા અને સમર્પણભાવનો મહિમા વર્ણવતા કહ્યું કે, આપણે એવો ભાવ કેળવીએ કે આપણને જે મળ્યું છે, તે માત્ર આપણું નથી. તે સમાજનું અને રાષ્ટ્રનું છે. અને તેને તે પાછું આપી. આમ, ઉર્જાચક્ર સમાજની ભાવિ પેઢીને વધુ સમૃદ્ધ બનાવશે.

આ અવસરે પ્રાસંગિક ઉદબોધનમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યુ હતું કે, ગુજરાતની વિકાસયાત્રામાં પાણીદાર સમાજ એટલે કે પાટીદાર સમાજે બહુમૂલ્ય યોગદાન આપ્યું છે. આ અવસરે સરદાર સાહેબને યાદ કરતા કહ્યું કે, સરદારે ચિંધેલા માર્ગ પર રાષ્ટ્ર ઘડતર માટે કાર્ય સરદારધામ કરી રહ્યું છે, તેનો આનંદ છે. તેમણે કહ્યુ કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા બનાવી ઉંચા માનવીને સાચી અંજલી આપી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાત સરકાર હંમેશા બધા સમાજને સાથે લઈને ચાલનારી સરકાર છે. સરદારધામમાં કન્યા છાત્રાલય માટે વધુ જમીન ઉપયોગ માં લઇ શકાય તેવા ઉદાત્ત હેતુથી મુખ્યમંત્રીશ્રી એ ૩૦ ટકા ઓછી જમીનની કપાતની જાહેરાત કરી હતી.આના પરિણામે કન્યા છાત્રાલય માટે વધુ જમીન ઉપયોગ માં લઇ શકાશે.આ ઉપરાંત તેમણે અમદાવાદ માં નિકોલ ખાતે નિર્માણાધિન છાત્રાલય માટે પણ ૫૦ ટકા ના દરે જમીન આપવાની ઘોષણા આ તકે કરી હતી.જેને ઉપસ્થિત શ્રોતાઓ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સરદારધામના શૈક્ષણિક સુવિધાઓ વિકસાવવાના પ્રયાસોની પ્રસંશા કરતાં કહ્યું કે, સરદારધામ વિવિધ વિકાસકાર્યોનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે અને તે ભવિષ્યની પેઢી માટે પણ દિશાદર્શનનું કાર્ય કરશે. તેમણે સરદારધામની સમાજ-નિર્માણ થકી રાષ્ટ્ર-નિર્માણની ઉદાત ભાવનાને પણ બિરદાવી હતી. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જય સરદારના નારા સાથે પ્રાસંગિક ઉદબોધનનો પ્રારંભ કરતા કહ્યું કે, દેશની એકતા અને અંખડિતતા એ સરદાર સાહેબનું સપનું હતું, તેને સાકાર કરવા માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી રાત-દિવસ મહેનત કરી રહ્યા છે. મંત્રીશ્રીએ કહ્યું કે, વિશ્વાસ પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધતા જોઈએ.પ્રધાનમંત્રીશ્રીએ તેમની પ્રતિબદ્ધતા થકી સમગ્ર રાષ્ટ્રનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે અને આ વિશ્વાસ થકી વિકાસનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યા છે. મંત્રીશ્રીએ આ અવસરે કન્યા કેળવણી માટે શ્રી નરેન્દ્રભાઈએ શરુ કરેલા અભિયાનનું પણ સ્મરણ કરી પાટીદાર સમાજે આ અભિયાનને વેગવંતુ બનાવ્યું તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીયમંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ તેમના ઉદબોધનમાં કહ્યું કે, પાટીદાર સમાજ પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે બહુમૂલ્ય યોગદાન આપી રહ્યો છે, તેનો આનંદ છે. મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ગુજરાતમાં એક સમાજના માધ્યમથી ખૂબ સુંદર કાર્ય થઈ રહ્યો છે, તેનો રાજીપો છે.

કેન્દ્રીયમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ કહ્યં કે, પાટીદાર સમાજે શૈક્ષણિક સંકુલ, સમૂહલગ્ન અને સામૂહિક વિકાસકાર્યો દ્વારા પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પથી સિદ્ધીના વિચારને મૂર્તિમંત કર્યો છે. શ્રી મનસુખભાઈએ કહ્યું કે, સંકલ્પ કરીને તેને સિદ્ધ કરવો એ પાટીદાર સમાજનો સ્વભાવ છે.

કેન્દ્રીયમંત્રી શ્રી અનુપ્રિયા પટેલે પણ પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યુ કે, પાટીદાર સમાજ માટે ખાસ અવસર છે. તેમણે કહ્યું કે આ નવી પરંપરા નથી, કારણ કે છેલ્લા સાત વર્ષોમાં પાટીદાર સમાજના અનેક કાર્યક્રમમાં ઉપસ્થિત રહી છું. અને પાટીદાર એ સમાજના સશક્તિકરણમાં પોતાનું યોગદાન આપતો રહ્યો છે.

## સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત ૧૯૬૨ અને એમવિડી એનિમલ એમ્બ્યુલન્સની અનોખી કામગીરી

સાબરકાંઠા જિલ્લાનાં તલોદ તાલુકામાંથી એક જીવદયા પ્રેમી દ્વારા ગુજરાત સરકાર અને જી.વી.કે.ઈ.એમ.આર.આઈ દ્વારા કાર્યરત ૧૯૬૨ એનિમલ એમ્બ્યુંલંસને સવારે ૦૮:૧૫ કોલ કરેલ. જેમાં તલોદ - ઉજેડીયા રોડ પર એક ગાયમાતા નું અકસ્માત થયેલ હતો. જેમાં ગાય માતાના બંને પગમાં ખુબ જ ગંભીર ઈજાઓ થયેલ હતા.

સાબરકાઠાંનાં પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શ્રી પ્રતિક સુથારઅને પ્રોગ્રામ મેનેજરશ્રી ડોક્ટર મયંક પટેલ ની પરમિશનથી એમ્બ્યુલન્સને હિમતનગરથી મોકલી આપેલ હતી. જેમાં ડોક્ટર સ્વીતિબેન પટેલ તેમજ ડોક્ટર ધ્રુપલ પટેલ દ્વારા સફળ ઓપરેશન કરી ગાયમાતાને એક નવું જીવનદાન આપવામાં આવ્યું હતું. તલોદ અને આસપાસનાં રહીશો દ્વારાગુજરાત સરકાર, કરુણા એનિમલ એમ્બ્યુલન્સ અને એમવીડી એમ્બ્યુલન્સની કામગીરીને બિરદાવી હતી.

માલજીભાઈ રબારી પહાડીયોલ

## ઘુઘછાયા હોટેલ ખેડબ્રહ્મા ખાતે ખેડબ્રહ્મા તાલુકા ના પ્રાથમિક શિક્ષકોની મિટિંગ મળી



આજરોજ રઘુછાયા હોટેલ ખેડબ્રહ્મા ખાતે ખેડબ્રહ્મા તાલુકા ના પ્રાથમિક શિક્ષકોની મિટિંગ મળી.જેમાં મોટી સંખ્યામાં શિક્ષક મિત્રો હાજર રહ્યા. પ્રાર્થના થી કાર્યક્રમની શરૂઆત થઈ.મહામંત્રી નરેશભાઈ પટેલ એ સ્વાગત પ્રવચન કર્યું. ત્યારબાદ જિલ્લા શૈક્ષીક મહાસંઘ ના અધ્યક્ષ ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ એ શૈક્ષીક મહાસંઘ ની રચના થી લઈ ને આજદિન સુધીની કામગીરી ની માહિતી આપી. જિલ્લા ઉપાધ્યક્ષ શ્રી મુકેશભાઈ પટેલ,પ્રાંતિજ અધ્યક્ષ શ્રી મીઠાભાઈ પટેલ; કોશઅધ્યક્ષ અર્ચનાબેન પુરોહિત તથા વડાલી તાલુકા ના મહિલા અધ્યક્ષ શ્રી હર્ષાબેન પરમાર વિશેષ ઉપસ્થિત રહ્યા યારબાદ હાજર શિક્ષક મિત્રો એ પણ પોતાની વાત રજૂ કરી. ત્યારબાદ સર્વાનુમતે ખેડબ્રહ્મા તાલુકા પ્રાથમિક શૈક્ષીક મહાસંઘ ની કારોબારી તથા હોદ્દેદારશ્રીઓ ની વરણી કરવામાં આવી. અધ્યક્ષ તરીકે શ્રી પ્રકાશભાઈ ડી. ગામેતી તથા મંત્રી તરીકે શ્રી સુરેન્દ્રસિંહ જી.ચૌહાણ સંગઠન મંત્રી તરીકે શ્રી પ્રવીણભાઈ ડી.સોલંકી તથા જિલ્લા પ્રતિનિધિ તરીકે શ્રી વિનોદકુમાર કનૈયાલાલ મિસ્ત્રી તથા શ્રી વિષ્ણુભાઈ બારોટ તેમજ અન્ય હોદ્દેદારશ્રી ઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી. છેલ્લે સહુએ આ સંગઠન માં ખેડબ્રહ્મા તાલુકા ના તમામ શિક્ષકો જોડાય તે માટે સંકલ્પ લીધો. છેલ્લે આભારવિધિ શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવી.

માલજીભાઈ રબારી સાબરકાંઠા

## અમદાવાદ ના સરખેજ વોર્ડમાં મોટી સંખ્યામાં લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા.



આજ રોજ અમદાવાદ ના સરખેજ વોર્ડ માં સરખેજ વોર્ડ ના વોર્ડ પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ ઠાકોર ની હાજરી માં મોટી સંખ્યા માં લોકો આમ આદમી પાર્ટી માં જોડાયા.

### આરતીના અંગદાને ૫ વ્યક્તિઓના જીવનમાં ઉજાસ પાથર્યો

## ૧૯ વર્ષની દીકરી આરતી બ્રેઈનડેડ મૃત જાહેર થતા પરિવારે અંગદાનનો નિર્ણય કર્યો

### સિવિલ હોસ્પિટલમાં પ્રથમવખત બ્રેઈનડેડ દર્દીના લિવરમાંથી બે ભાગ કરી જૂદા-જૂદા દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યા

ભારતીય સંસ્કૃતિમાં અન્ન દાન, રક્ત દાન જેવા વિવિધ દાનનો મહિમાં સમજાવવામાં આવ્યો છે.પરંતુ ૨૧મી સદીમાં અંગદાનને મહાદાન માનવામાં આવે છે.ભગવાન માણસને બનાવે છે, માણસને જીવન બક્ષે છે .પરંતુ માનવી જ્યારે જીવન ટૂંકાવી દે છે ત્યારે તેના અંગો થકી ૬ થી ૮ વ્યક્તિ જીવી શકે છે તેમનું જીવન ઘોરણ સુધરી શકે છે.

આવી જ એક ઘટના બની અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં. મોરબીની ૧૯ વર્ષીય આરતી રણવા બ્રેઇનડેડ થતાં પરિવારજનોએ સમાજઉપયોગી બનવા અંગદાન કરવાનો નિર્ણય કર્યો હતો.આ દીકરીના અંગદાને પાંચ જરૂરિયાતમંદ વ્યક્તિઓને નવજીવન આપ્યું છે.

આરતીના પાંચ અંગોમાંથી એક કીડની સુરેન્દ્રનગરના ૧૧ વર્ષીય બાળક, જ્યારે બીજી કિડની અને પેક્રીઆઝ ૩૪ વર્ષીય જૂનાગઢના દર્દીને જ્યારે લીવરનો ૭૫ ટકા ભાગ વિરમગામના ૫૩ વર્ષીય વિરમગામના દર્દીને અને ૨૫ ટકા ભાગ મહેસાણાના ૬ વર્ષીય બાળકમાં પ્રત્યારોપણ કરવામાં આવ્યો છે.

આરતીબેન રણવા સિવિલ હોસ્પિટલમાં બ્રેઇનડેડ મૃત જાહેર થતા અમદાવાદ સિવિલ હોસ્પિટલની SOTTO (State Organ Tissue And Transplant Organization)ની ટીમ દ્વારા તેમના પરિવારજનોને અંગદાન માટેની સમજણ આપવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના કાઉન્સેલર્સ દ્વારા પરિવારજનોને અંગદાનનું મહત્વ સમજાવીને કાઉન્સેલીંગ પણ કરવામાં આવ્યું હતુ. મૃત આરતી બેન રણવાના પરિવારજનો કહે છે કે, ×અમારા આરતીબેન નાનીવયે બ્રેઇનડેડ મૃત્યુ પામ્યા જે અમારા માટે આધાતજનક હતુ. પરંતુ તેમને અન્યોના જીવમાં જીવંત રાખવા અને સિવિલ હોસ્પિટલ દ્વારા જે અંગદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું તેને સાર્થક કરવાના ઉમદા હેતુથી અમે અંગદાનનો નિર્ણય કર્યો હતો. જરૂરિયાતમંદ દર્દીને તેમના અંગોનો લાભ આપી તેમની કાર્યદક્ષતામાં સુધાર આવે તેવા ઉમદા પ્રયાસ થી આરતીબેનના અંગોનું દાન કરવામાં આવ્યું છે.

પરિવારજનો કહે છે કે, જીવન એક વરદાન છે અને ભારતીય સંસ્કૃતિમાં અન્યોને મદદ કરવી કે જરૂરિયાતમંદોને જીવતદાન આપવુ એ ઈશ્વરના આશિષ મેળવી આપે એવું ઉમદા કાર્ય ગણાયું છે. આજે કોઇની મદદ કરવાની હોય ત્યારે હિંમતની અચૂક જરૂર પડે છે ત્યારે અમારા સમગ્ર પરિવારે હિંમતપૂર્વક સમાજઉપયોગી બનવા માટે જ અંગદાનનો પવિત્ર નિર્ણય કર્યો છે. અમારો સમાજને એક જ સંદેશ છે કે અન્યોના જીવ બચાવવાના આ યજ્ઞમાં તમામે સહભાગી બનવું જોઇએ.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોષી કહે છે કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં SOTTO અંતર્ગત બ્રેઈનડેડ જાહેર થતાં મૃતકોના પરિવારજનોને અંગદાન માટે પ્રેરવાની સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. પરિવારજનો કાઉન્સિલર દ્વારા કાઉન્સેલિંગ કરીને અંગદાન નું મહત્વ સમજાવવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપ જ ૯ મહિનાના ટૂંકા ગાળામાં કોરોના કાળની વચ્ચે પણ નવ બ્રેઇનડેડ મૃતકોના અંગોના દાન થકી ૨૭ દર્દીઓ જેમાં ૧૦ લીવર, ૧૫ કિડની અને ૨ સ્વાદુપિંડનું અને ૨૪ દર્દીઓમાં આંખોનું પ્રત્યારોપણ કરવામાં સફળતા મળી છે. આરતીબેન રણવાના પરિવારજનોએ અંગદાનનું પ્રેરણાદાયી કાર્ય કરીને સમગ્ર રાજય માટે એક ઉદાહરણ રૂપ બન્યા છે.



ભારતીય જનતા પાર્ટી માં અનુસુચિત જાતિના મિડિયા વિભાગ ના પ્રદેશ પ્રભારી તરીકે દેવેનભાઈ રતિલાલ વર્મા ની વરણી કરવામાં આવેલ છે આ વરણી થી મેડિયા વિભાગ માં આનંદ ની લાગણી અનુભવું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK